# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫**/— આજીવન **૨૫૧**/—
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/— (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦**/—

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટ્સ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર—૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧
- પ.પૂ.મહાત્મા યોગેશ્વરજી અને પૂ.મા સર્વેશ્વરી વિષે તેમજ તેમના દ્વારા લખાયેલ ધર્મગ્રંથો, પ્રાર્થનાઓ, ભજનો વિષે જાણવા માટે વેબસાઈટ swargarohan.org જુઓ.
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશિષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮. (૧)**


You can download the pdf file of Adhyatma From Website
www.swargarohan.org


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર વાણી | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૯ |
| આધ્યાત્મિક પ્રશ્નોત્તરી | શ્રી યોગેશ્વર | ૧૫ |
| સ્વર્ગારોહણના આંગણે સેવાયજ્ઞ સહારે, દૃષ્ટિ ક્ષતિ નિવારણ નેત્રયજ્ઞ | સેવક વૃન્દ | ૨૧ |
| મહાપુરુષોની સત્યનિષ્ઠા | યોગેશ્વરજી | ૨૭ |
| ઈશ્વરની શાંતિને હણી લો | શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી | ૩૦ |
| મા સર્વેશ્વરીની શૈશવકથા : પોયણુ પાંગર્યુ | મા સર્વેશ્વરી | ૩૭ |
| એટલું આપજે | મા સર્વેશ્વરી | ૫૦ |
| નેત્રયજ્ઞ પૂર્ણાહુતિની પૂર્વસંધ્યાએ પૂ. શ્રી માનો સ્વર્ગારોહણ સત્સંગ | શ્રી મયુરીબેન ટેલર | ૫૧ |
| પ્રાર્થનાના લાભ | યોગેશ્વરજી | ૫૫ |
| પ્રેમભક્તિની પગદંડી : ભક્તિ કોને કહેવાય | યોગેશ્વરજી | ૫૭ |
| દક્ષિણેશ્વરનો અદ્ભુત અનુભવ | યોગેશ્વરજી | ૬૧ |

# સદ્‌ભાવભરી સહાય

**–મા સર્વેશ્વરી**

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુના એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયા. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેનની યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યા છે.

આભાર. ધન્યવાદ

ૐ



# શ્રી યોગેશ્વર વાણી

**–શ્રી યોગેશ્વરજી**

આધ્યાત્મિક વિકાસના મંગલમય માર્ગ પર સફળતાપૂર્વક સફર કરીને સિદ્ધિની પ્રાપ્તિ કરવાની ઈચ્છાવાળા સાધકે સંગની પસંદગીમાં ખૂબ જ ધ્યાન આપવું પડશે. સાધકે જ નહીં પરંતુ બીજા સામાન્ય માણસે સંગ પ્રત્યે જરા પણ ગાફેલ નથી રહેવાનું. સાધનાના માર્ગમાં આશાસ્પદ રીતે આગળ વધેલા કેટલાય સારા સાધકો સંગની પસંદગીમાં ગાફેલ રહેતાં સંગદોષના શિકાર બની ગયા છે, વિવેકભ્રષ્ટ બન્યા છે ને બરબાદ થયા છે. મહામહેનતે એકઠી કરેલી પોતાના આધ્યાત્મિક જીવનની મૂડીને એમણે એકાએક અને અનુકંપા ઉત્પન્ન થાય એવી રીતે ખોઈ નાંખી છે. પોતાના મૂળ નિશ્ચિત કરેલા સાધનામાર્ગને મૂકીને અથવા તો ઉચ્ચ જીવનના આદર્શોને તિલાંજલિ આપીને એ કોઈક ભળતે જ માર્ગે વળી ગયા છે કે પથભ્રાંત બન્યા છે. તો એથી ઊલટું, ઉત્તમ પ્રકારના જીવનવિકાસમાં મદદરૂપ થનારા સંગની પસંદગી કરીને અને એના સંગનો લાભ ઉઠાવીને બીજા કેટલાય સાધકોએ પોતાના દોષો દૂર કર્યા છે, પોતાની જીવનદ્રષ્ટિને વધારે ને વધારે સ્પષ્ટ ને ઉત્તમ કરી છે તથા પોતાની અંદર નવા પ્રકાશ ને નવી પ્રેરણાની સામગ્રી ભરી છે. સંગમાં એવા બંને પ્રકારના સારા ને નરસા ભાગ ભજવવાની શક્તિ છે અને સાધકે એના નરસા ભાગનો ત્યાગ કરીને એના સારા ભાગનો સ્વીકાર કરવાની કળામાં કુશળ થતાં શીખવાનું છે.

આપણી ભાષામાં સંગના સંબંધમાં ત્રણ જુદાજુદા શબ્દો પ્રચલિત છે. સત્સંગ, કુસંગ અને અસંગ. એમાંથી જેમણે આત્મોન્નતિને માર્ગે આગળ વધવું હોય તેમણે સત્સંગનો વધારે ને વધારે રસ કેળવવો જોઈએ ને કુસંગથી કાયમને માટે દૂર રહેવું જોઈએ. અધ્યાત્મમાર્ગમાં જેમને બિલકુલ રસ ન હોય પરંતુ દુન્યવી વિષયોમાં જ રસ લાગતો હોય એવા વ્યસની, દુર્ગુણી, ન્યાયનીતિને નેવે મૂકીને ચાલનારા તેમ જ ધર્મ અને ઈશ્વરની સાથે છૂટાછેડા લઈને જીવનારા મનુષ્યોનો સંગ કુસંગ કહેવાય છે. એવાં પુસ્તકો ને સ્થળોનો સંપર્ક પણ કુસંગની જ ગરજ સારે છે. એથી એમનો સંસર્ગ સદાને માટે ટાળવો જોઈએ. એવાં ચિત્રો તથા દ્રશ્યોથી પણ દૂર રહેવું જોઈએ. એથી ઊલટું; ચિત્રો, દ્રશ્યો, પુસ્તકો, સ્થળો કે મનુષ્યોનો જે સંગ અંતરમાં સુષુપ્ત રીતે રહેલી કે અંકુરિત થયેલી શુભ વૃત્તિઓ અને ભાવનાઓને પોષતો હોય; ધર્મ, નીતિ ને ન્યાયપરાયણ કરતો હોય; સર્વ પ્રકારનાં વ્યસનો ને દુર્ગુણોમાંથી મુક્ત કરીને સાચા અર્થમાં પૂર્ણ કે આદર્શ માનવ બનવાની પ્રેરણા પૂરી પાડતો હોય તેમ જ ઈશ્વરવિમુખ નહીં પરંતુ ઈશ્વરાભિમુખ કરતો હોય તે સંગને સત્સંગ કહી શકાય. એવો સત્સંગ મહામોંઘા મંત્રરૂપ અથવા તો અમૂલખ આશીર્વાદરૂપ ઠરે છે અને એટલા માટે જ હંમેશાં આવકારદાયક છે. કુસંગ બહારથી આકર્ષક છે અને એના તરફ મન પ્રમાણમાં બહુ વહેલું વળે છે. છતાં એની ભયંકર હાનિકારકતાનો વિચાર કરીને એમાંથી મનને પાછું વાળીને સત્સંગમાં જ પરોવવું જોઈએ. સત્સંગનો સ્વાદ લાગતાં પહેલાં તો જરા વાર લાગશે પરંતુ પછીથી એનો એવો તો રસ



લાગશે કે વાત નહીં. સત્સંગ જીવનમાં એવી રીતે તાણા ને વાણાની પેઠે વણાઈ જશે ને જીવનને ઉત્તમ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવશે.

સત્સંગનો તાત્વિક અર્થ શો છે? પરમાત્માનો પરિચય કરાવે કે જે પરમાત્માની પાસે પહોંચાડે તે સત્સંગ. એટલે સર્વ પ્રકારના સત્સંગનું છેવટનું ધ્યેય એ જ હોવું જોઈએ. એ દ્રષ્ટિથી જોતાં પરમાત્માનો પરિચય સાધી ચૂકેલા કે સાધવાનો પ્રયાસ કરનારા સત્પુરુષના સમાગમ જેવો સુંદર, સાર્થ ને શક્તિવાળો સત્સંગ બીજો એકે નથી. જીવનની કાયાપલટ કરવામાં એવો સત્સંગ ભારે અકસીર પુરવાર થાય છે. પરંતુ એવો સર્વોત્તમ સત્સંગ ન મળે ત્યારે પણ કાંઈ બેસી ન રહેવાય. એ સંજોગોમાં સહેલાઈથી મળી રહેતા સારામાં સારા સત્સંગોનો લાભ લેવો જોઈએ. મહર્ષિ વ્યાસ ને કૃષ્ણ આજે નથી. પરંતુ ભાગવત તથા ગીતા દ્વારા મહર્ષિ વ્યાસ અને કૃષ્ણનો, રામચરિતમાનસ દ્વારા તુલસીદાસનો, બાઈબલ દ્વારા ઈશુનો, અવસ્તા દ્વારા જરથુષ્ટનો અને શંકરાચાર્ય ને બીજા મહાપુરુષોનો સમાગમ પણ એ જ રીતે કરી શકાય છે.

સત્સંગ ન મળે તો કુસંગ તો ન જ કરવો, પણ અસંગ એટલે સંગ વગરના અથવા એકલા રહેવું. એથી વધારે લાભ થશે. સમય તથા શક્તિ બચી જશે. આગળ વધતાં લાંબે વખતે એક એવી અવસ્થા આવશે જ્યારે બહારના સત્સંગની ઈચ્છા જ નહીં રહે. એ ભૂમિકાએ પહોંચ્યા પછી સાધક અનુકૂળ કે પ્રતિકૂળ ગમે તે પ્રકારના વાતાવરણમાં રહીને પોતાની આત્મસંપત્તિને સાચવી શકશે. પોતાના મનને ઈશ્વરાભિમુખ

રાખી શકશે ને ઉત્તમ જીવનના આદર્શ તરફ સ્વાભાવિક રીતે જ પ્રયાણ કરશે. પછી પોતાને પોતાનો સંગ જ પૂરતો થઈ પડશે. પરંતુ એવી ભૂમિકા તો ભાગ્યે જ ને કોઈકને પ્રાપ્ત થશે. બીજા બધાએ તો પોતાની સલામતિ માટે, સંસ્કારોની સુરક્ષા તથા સુદ્રઢતા માટે, પ્રેરણા ને પથદર્શન માટે, જરૂરી જ્ઞાનની પ્રાપ્તિ માટે, અને એ રીતે સમસ્ત જીવનના આમૂલ પરિવર્તન તેમ જ આધ્યાત્મિક ઘડતર માટે બહારના સત્સંગનો આધાર લેવો જ પડશે. એમને માટે એ આશીર્વાદરૂપ ઠરશે.

સાથેસાથે એવો સત્સંગ જડ કે યાંત્રિક ન થાય અથવા તો ઘરેડરૂપ ન બની જાય એનું પણ ધ્યાન રાખવું પડશે. સત્સંગ માત્ર કરવાને ખાતર કરવો અને એમાંથી જીવનને વિશુદ્ધ કરીને આગળ વધવાની શક્તિ ન મેળવવી એવું ન હોવું જોઈએ. એવી પરિસ્થિતિ જ્યાંત્યાં દેખાય છે. તમે નથી જોતાં કે માણસો નિયમિત કથાવાર્તા ને પ્રવચનમાં જાય છે, ગીતા-ભાગવત વાંચે છે, દેવમંદિર જાય છે, ભજન ગાય છે, પૂજાપાઠ કરે છે, તીર્થોમાં ફરે છે ને સંતસમાગમ કરે છે તોપણ બાવાજીની તુંબડી જેવા જ રહે છે? મતલબ કે એમનો સ્વભાવ નથી સુધરતો. એમનામાં રહેલા કામ, ક્રોધ, મદ તથા મોહ નથી મટતા. પેલી બાવાજીની તુંબડીની પેઠે કટુ જ રહે છે ને મધુમય નથી બનતા. જે સત્સંગ એ કરે છે એનો આત્મા એમના જીવનમાં નથી ઊતરતો. એની અસરથી એ અલિપ્ત રહે છે. એક રીતે જોતાં એ સત્સંગપ્રુફ બની ગયા હોય છે. સત્સંગના પ્રભાવથી એમના વ્યાવહારિક જીવનમાં, એમની રીતભાત કે ટેવોમાં, એમના વિચારોમાં, એમનાં કર્મોમાં અને એમના વ્યક્તિત્વમાં કોઈ



નોંધપાત્ર સુધારો નથી થતો. એવો સુધારો કરવાની તીવ્ર ઈચ્છા કે પ્રેરણા પણ એમનામાં નથી પ્રગટતી. સત્સંગ કરવો જોઈએ એટલા માટે એ કરે છે. એ સારી પ્રવૃત્તિ કરી રહ્યા છે એમાં શંકા નથી. પરંતુ એટલી જ પ્રવૃત્તિ એમના જીવનવિકાસને માટે પર્યાપ્ત નહીં થાય એ પણ એમણે સમજી લેવાનું છે. એથી આગળ વધીને એ પ્રવૃત્તિની મદદથી જીવનને નિર્મળ, ઉત્તમ અને ઈશ્વરપરાયણ બનાવવાની સાધના પણ એમણે કરવી જોઈએ અને જીવનને સાચા અર્થમાં જીવન બનાવવું જોઈએ. બહારનો સત્સંગ ત્યારે જ સાર્થક થઈ શકશે. જીવનની વિશુદ્ધિ કોઈ એકાદ-બે દિવસ, મહિના કે વરસોનો ખેલ નથી. એ તો વરસોના પરિશ્રમ અને એકધારા પરિશ્રમનો પરિપાક છે. છતાં પણ એ માટેના પ્રયત્નો જે પ્રામાણિકપણે પ્રારંભ કરશે તે વહેલોમોડો જીવનની ઉત્તમતાનો આનંદ અવશ્ય મેળવી શકશે એમાં સંદેહ નથી.

**✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૪૦ ફેબ્રુઆરી–૨૦૧૮ અંક ૫**


## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ

### દિન ૪૯

### તા. ૪-૧-૮૩, મંગળવાર, માગશર વદ છઠ ૨૦૩૯

### લેનેશિયા- જોહાનિસબર્ગ

પ્રશ્નઃ મૃત્યુ પછી શું થાય? શાંતિ મળે ખરી?

પૂ.શ્રી : મૃત્યુ પછીની શાંતિ માટે સ્વપ્ના ના સેવો. જીવતાં જ એવા પ્રયત્ન કરો કે શાંતિ મળે. તે જ શાંતિ આગળ પર કામ આવે એ માટે આજથી કાર્યક્રમ બનાવો.

તમારા ખિસ્સામાં આજે રેન્ડ(નાણું) છે તો એ જ રેન્ડથી તમે ધંધામાં આવતી કાલે આગળ વધી શકશો. આ જીવનમાં તમે શાંતિ મેળવશો તો બીજા જન્મે પણ તમને શાંતિ મળશે જ.

પ્રશ્ન : અમે બન્ને ધ્યાન-ભજન કરીએ છીએ, પણ અમારું બીજું બાળક છે તે ખૂબ તોફાની છે. તો શું કરવું?



પૂ.શ્રીઃ એ તો તમારો પરીક્ષક છે. પ્રભુએ તમારા ઘરમાં બાળકના રૂપે પરીક્ષક મોકલ્યો છે. તમે સેન્ટર ચલાવો છો, લોકોનાં જીવન બદલો છો, તો બાળક કહે છેઃ તમે મારા જીવનને બદલી તો જુઓ. તમારા ક્રોધની, તમારા સિદ્ધાંતની પરીક્ષા થઈ રહી છે.

બાળક તો નિર્દોષ હોય છે. તે પોતાના પૂર્વસંસ્કારોને લઈને આવે છે. આપણે તેને સમજપૂર્વક સન્માર્ગે વાળીએ, પ્રેમથી વાળીએ.

શ્રીકૃષ્ણનું નામ તમે સાંભળ્યું છે?

-હા. તેમનું પુસ્તક આજે સાથે જ લાવ્યો છું. એમાં મારે આપના હસ્તાક્ષર આશીર્વાદરૂપે જોઈએ છે. પછી એ પુસ્તક હું વાંચવાનો છું.

પૂ.શ્રીઃ શ્રીકૃષ્ણ બાળપણમાં ખૂબ તોફાની હતા. નાનપણથી જ તેઓ પોતાની ફરજો બજાવતા. માખણ લાવીને ગરીબોને ખવડાવતા.

આટલી વાતચીત થાય છે ત્યાં તો અમેરિકાથી શ્રી વિનોદભાઈનો ફોન આવે છે. પૂ.શ્રી ફોન પર વાતો કરે છે. પછી, પાછા બેઠકના ઓરડામાં આવીને બેસે છે, ત્યારે બીજા એક ભાઈ પૂ.શ્રીને અંગ્રેજીમાં પ્રશ્ન પૂછે છે.

પ્રશ્ન : અહંકાર ધ્યાન કરવાથી ઓછો થાય?

પૂ.શ્રી : જરૂર. અહંકારને દૂર કરવાની બીજી પણ રીતો છે. સમજપૂર્વક વિચાર કરવાથી તે પણ દૂર થાય.

આપણને અહંકાર થાય ત્યારે આપણી જાતને આપણે જ પૂછવું કે, અહંકાર શેનો થાય છે? જ્ઞાનનો? તો વિચારવું કે

મારા કરતાં તો ઘણા મોટા જ્ઞાનીઓ જગતમાં વસે છે. પૈસાનો અહંકાર થયો છે? તો વિચારવું કે વિશ્વમાં મારાથીયે ચડિયાતા ઘણા પૈસાદારો છે. આધ્યાત્મિક અહંકાર? ઘણા સંતોના જીવન વાંચીએ-સમજીએ તો જણાશે કે આપણે તો કંઈ જ મેળવ્યું નથી. આ રીતે વિચારવાથી અહંકાર ઓછો થશે.

વળી, જેમ જેમ ધ્યાનની સાધના આગળ ચાલશે તેમ તેમ અંતઃકરણ શુદ્ધ થતું જશે ને તેમ તેમ અહંકાર ઓગળતો જશે.

રોમન કેથલિક બહેન પ્રશ્ન પૂછે છેઃ મહાત્માજી! ઉપાસનાની શ્રેષ્ઠ રીત કઈ કહેવાય?

પૂ.શ્રી : હૃદયથી પ્રભુને ચાહો તે. જીભથી બોલો કે આંખ મીંચીને પ્રભુસ્મરણ કરો, પણ હૃદયમાં તેને માટે સાચો પ્રેમ જોઈએ જ.

પ્રશ્ન : સત્ય સાંઈબાબા એ શીરડી સાંઈબાબાનો અવતાર છે?

પૂ.શ્રી : જુઓ, હું એવા અંગત અભિપ્રાયમાં, ચર્ચામાં પડતો નથી.

તમે તેમને એ રીતે માનતા હો તો તે ચાલુ રાખો. તેમાં શંકા ન કરો. ગમે તે હોય પણ આખરે તેઓ નિઃસ્વાર્થી સંત તો છે જ ને? તેઓ અવતાર હોય કે ન હોય પણ તેમનું હમણાંનું જીવન જુઓ તોપણ તેઓ આપણાથી મહાન જ લાગશે. આપણી શક્તિ, સાધના જ જ્યાં અલ્પ છે ત્યાં આપણે કોઈ સંતને કેવી રીતે ઓળખી શકીએ?

આપણે તો જે શ્રદ્ધાથી જોઈએ તે શ્રદ્ધા જ ચાલુ રાખવી.

અરે! તમે બધા જ અવતાર છો. સત્ય સાંઈબાબા જ છે



એવું નથી. તમે બધા જ, આ બેઠા છો તે બધા જ, સચ્ચિદાનંદ પરબ્રહ્મના અવતાર છો. પણ તમે તે ભૂલી ગયા છો. જ્યારે મહાપુરુષો તે ભૂલતા નથી.

તમે તમને તમારા આ શરીરને નામથી ઓળખો છો કે, હું આ છું. જ્યારે સંતો કહે છે કે અમે અવતાર છીએ, પ્રભુના અંશ છીએ, 'સોહમ'.

વળી, આપણને કોઈ પણ મહાપુરુષની સાથે કોઈ જાણીતા મહાપુરુષના નામને જોડીએ તો જ સંતોષ થાય છે. જાણે સ્વતંત્ર રીતે કોઈ સંત થઈ જ ન શકે એવું માનવાની આપણને ટેવ પાડી છે!

મને પણ પૂછનારા પૂછે છે કે, યોગેશ્વરજી! તમે કોના અવતાર છો? હું કહું છું કે, મારું અત્યારનું જે જીવન છે તે જ જુઓને ભાઈ!

પ્રશ્ન : તમને ઘણાં દિવ્યદર્શનો થયા છે એવું મેં સાંભળ્યું છે, તો અમને તે અનુભવો હમણાં કહોને?

પૂ.શ્રી : આજે તો હવે એટલો સમય નથી, છતાં એક અનુભવ કહી સંભળાવું

એમ કહી પૂ.શ્રીએ ઉપવાસ દરમ્યાન થયેલો શીરડી સાંઈબાબાનો અનુભવ અને શીરડીમાં આરતી સમયે સાંઈબાબાના તૈલચિત્રમાં જગદંબાના દર્શનનો થયેલો અનુભવ કહી સંભળાવ્યો.

સૌને ખૂબ ખૂબ આનંદ થયો. પ્રશ્ન પૂછનારાઓને સૌને સંતોષ થઈ ગયો. આજે પ્રશ્નોત્તરીનો આખોયે કાર્યક્રમ અંગ્રેજીમાં જ થયો.

પૂ.શ્રી એકધારું અંગ્રેજી બોલી શકે છે. વાતચીત વચ્ચે કોઈ શબ્દો શોધવા અટકવું પડતું નથી. ચાલીસ વર્ષ ઉપર જ્યારે અંગ્રેજી શિક્ષણ લીધેલું તે વિદ્યાર્થી-અવસ્થાને બાદ કરતાં ક્યાંયે અંગ્રેજી બોલવાનો મહાવરો નથી મળ્યો છતાં પ્રભુકૃપા જેના ઉપર પૂર્ણપણે વરસે તેને ભાષાનાં બંધન ક્યાં નડે છે? આ રીતે પૂ.શ્રી કૃપાપાત્ર સંતપુરુષ છે એમાં શંકા નથી.

મુલાકાત દોઢ કલાક ચાલી. સુંદર ચર્ચા થઈ. હવે સમય બે વાગ્યાનો સંકેત કરતો હતો.

એક ગુજરાતી ભાઈને સિત્કારી પ્રાણાયામ તેમના આરોગ્ય માટે શીખવવાનો હતો, તેથી પૂ.શ્રી સૌની વિદાય લઈને પોતાના ઓરડામાં જઈ તે ભાઈને તે પ્રાણાયામ શીખવે છે.

ત્યારબાદ થોડો આરામ કરે છે. વળી, સાંજે થોડું લેખન કરે છે.

છ ને પંદર મિનિટે એક ભાઈને તેમના મંત્રજપ માટે મુલાકાત આપવાની છે તેથી પૂ.શ્રી તે ભાઈ સાથે તેમની મંત્ર-મૂંઝવણની ચર્ચા કરીને તેમને માર્ગદર્શન આપે છે.

સાડા છ વાગ્યે ધ્યાનની સમૂહ બેઠક થાય છે. એમાં ગુજરાતી જાણનાર વર્ગ ઓછો હતો. તેથી આખીયે સમજ અંગ્રેજી ભાષામાં જ પૂ.શ્રીએ આપવી પડી. ધ્યાનની બેઠકમાં ગઈ કાલ કરતાં આજે સંખ્યા વધુ હતી. બેઠક બાદ શ્રોતાઓએ પ્રશ્નો અંગ્રેજીમાં જ પૂછ્યા.

પ્રશ્નઃ ધ્યાન આજ્ઞાચક્રમાં જ ધરવાનું કે બીજે ધરી શકાય?

શરૂઆતમાં ૐકાર મોટેથી જ બોલવાનો?

ધ્યાનમાં શ્વાસ કેટલો સમય રોકવાનો?

ઈષ્ટદેવ રામ હોય ને ગુરુમંત્ર કૃષ્ણનો હોય તો કોનું ધ્યાન કરવું?



ગુરૂ ને શિવ, એ બેમાં કોનું ધ્યાન કરવું?

શ્વાસમાં લાંબો મંત્ર કેવી રીતે વહેંચવો?

એક દિવસ આજ્ઞાચક્ર ઉપર, બીજે દિવસે હૃદયપ્રદેશ ઉપર — એ રીતે દરરોજ જુદા જુદા સ્થાન પર ધ્યાન કરી શકાય?

ધ્યાનમાં શરીર ધ્રુજે તે કુંડલિનીનું લક્ષણ છે?

બધા જ પ્રશ્નોના ઉત્તરો પૂ.શ્રીએ સરળ રીતે સમજાવ્યા.

પ્રશ્નોત્તરી બાદ સૌ વિદાય થયાં. અમે ફળ વિગેરે લીધું. આઠ વાગ્યે 'ધી પાટીદાર હૉલ'માં પહોંચી ગયાં.

ગઈ કાલ કરતાં આજે સંખ્યા ઘણી હતી. હૉલ આખોયે ભરાયેલો હતો. આજે પણ ફૂલનાં હાર ને કલગીથી અમારા બન્નેનું શરૂઆતમાં સ્વાગત થયું.

આજે પૂ.શ્રીની આજ્ઞાથી પ્રથમ મારે ભજન ગવડાવવાનું બન્યું. પૂ.શ્રીએ ગુજરાતીમાં પોતાનું પ્રવચન શરૂ કર્યું. તેમાં મુખ્યત્વે પ્રાર્થના ઉપર ભાર મૂક્યો. છેવટે એક ભજન બાદ પૂ.શ્રીએ આખાયે પ્રવચનનો સાર ટૂંકમાં અંગ્રેજીમાં કહી સંભળાવ્યો. તેથી જે વર્ગ અંગ્રેજી ભાષા જ જાણતો હતો તેને માટે સમજવાનું સરળ બન્યું.

છેવટે આરતી થઈ. સૌ વિદાય થયાં. અમે પણ ગાડીમાં બેસીને ઉતારા ઉપર આવી ગયાં. ઉતારાથી હૉલ એટલો બધો નજીક નથી. ગાડીમાં દશબાર મિનિટ તો લાગે જ છે.

ઉતારા ઉપર આવીને પાંચ મિનિટ સુધી પૂ.શ્રીએ અહીંના કાર્યક્રમો અંગે વાતો કરી. પછી અમે દૂધ પીધું. થોડું ધ્યાનમાં બેઠાં.

પછી આરામ.

(ક્રમશઃ)

# આધ્યાત્મિક પ્રશ્નોત્તરી

**–શ્રી યોગેશ્વરજી**

**પ્રશ્ન :** વ્યવહારમાં રહીને આત્મદર્શન થઈ શકે ખરું ?

**ઉત્તર :** જરૂર થઈ શકે. જેને કરવું હોય તે વ્યવહારમાં રહીને પણ આત્મદર્શન, ઈશ્વરદર્શન, કે પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે અને એને પરિણામે પૂર્ણતા, મુક્તિ કે પરમ શાંતિ મેળવી શકે છે. વ્યવહાર એમાં આડો નથી આવતો.

**પ્રશ્ન :** પરંતુ વ્યવહારમાં તો અનેક પ્રકારની મુશ્કેલીઓ, મુસીબતો કે પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડે છે. એ બધાની વચ્ચે રહીને, ઈશ્વરદર્શન કેવી રીતે થઈ શકે ?

**ઉત્તર :** ઈશ્વરદર્શન કરવાનો દૃઢ નિશ્ચય હશે, તો તમે એ બધાંની વચ્ચેથી પણ તમારો રસ્તો કરી શકશો. વ્યવહારમાં રહીને આજ સુધી કેટલાય લોકોએ આત્મોન્નતિ કરી છે એમાંનાં કેટલાકે ઈશ્વરદર્શનનો લાભ પણ મેળવ્યો છે. એમનો યાત્રા માર્ગ કાંઈ પહેલેથી જ ચોક્ખો જ હતો એવું ન હતું. એમાં કેટલાય કાંકરા અને પથરા, તથા કેટલીય જાતના ચઢાવ અને ઉતાર આવતા હતા. કેટલાકને તો ઘર ને બહારના ભારે વિરોધી વાતાવરણનો સામનો કરવો પડ્યો હતો. છતાં પણ તે ડગ્યા કે ડર્યા નહીં. પોતાના ગંતવ્યસ્થાને પહોંચવા માટે તે મક્કમ હતા. તેથી તેમણે પોતાનો માર્ગ છોડી ન દીધો. પરંતુ તેને વધારે ધીરજ, હિંમત ને સહનશક્તિથી વળગી રહ્યા. પ્રતિકૂળતામાં રહીને પણ તે માર્ગ કાઢતા રહ્યા. પરિણામે તેમનો વિજય થયો તથા તેમને ઈપ્સિત વસ્તુ મળી શકી. તેમના જીવનને આદર્શરૂપ બનાવીને તમે



આગળ વધો, તો તમારે માટે કશું અશક્ય નહીં રહે.

**પ્રશ્ન :** વ્યવહારની વચ્ચે વસનારા માણસો આત્મોન્નતિની દિશામાં કેવી રીતે આગળ વધી શકે ?

**ઉત્તર :** વ્યવહારમાં વસનારા માણસોને માટે જે અનેક પ્રકારની શક્યતાઓ પડેલી છે, તેમાં હૃદયશુદ્ધિની શક્યતા સૌથી મોટી છે. જો તમે ધારો, તો વ્યવહારમાં રહીને, આત્મનિરિક્ષણની વૃત્તિ કેળવીને, તમારા જીવનને શીલ ને સદ્‌ગુણોની સુવાસથી મહેંકતું કરી શકો છો. ગીતાના સોળમાં અધ્યાયમાં જેને દૈવી સંપત્તિની પ્રાપ્તિ કહે છે. તેને માટે તથા એથી ઉલટી અને આસુરી સંપત્તિની નિવૃત્તિ માટે, તમે ભરચક કોશિશ કરી શકો છો. બધી જાતની આધ્યાત્મિક ઉન્નતિનો એ પાયો છે અને એ પાયાને તમે વ્યવહારમાં રહીને બનતા પ્રમાણમાં મજબૂત બનાવી શકો છો. તમે નથી જોતા કે એ પાયો આજે હાલી ગયો છે ? વ્યવહારના લગભગ નાનાંમોટાં બધાં જ ક્ષેત્રોમાં લાંચ, રુશ્વત, કૂડકપટ, કે અનીતિ પેસી ગઈ છે ને નીતિનું નામનિશાન પણ જવલ્લે જ રહ્યું છે. લોકોમાં કેટલાય તો ત્યાં સુધી માને છે કે અનીતિનું ધન કમાયા વિના જીવાય જ નહીં. ભેળસેળ ને દગાફટકા વધી પડ્યા છે એને લીધે પણ આવા લોકો ઈશ્વરદર્શન ક્યાંથી કરી શકે ? તે જપ કરે, ધ્યાન ધરે, તીર્થ કરે, વાંચન કે સત્સંગનો લાભ લે, દાન દે, તો પણ તેમના વ્યવહારમાં કોઈ પણ પ્રકારનો ફેર પડે જ નહીં, તો શું વળે ? એટલે વ્યક્તિગત ને સમષ્ટિગત જીવનને જો શાંતિમય કરવું હોય, તો સૌથી પહેલાં તો શુદ્ધિની દિશામાં આગળ વધો. એ પાયો જેટલો મજબૂત હશે, તેટલું જ આગળનું બીજું કામ

સહેલું બનશે. એ વસ્તુ સૌથી અગત્યની છે છતાં એની તરફ લોકો ઓછામાં ઓછું ધ્યાન રાખે છે, પછી આત્મોન્નતિ ક્યાંથી થાય ? ઈશ્વરનો સાક્ષાત્કાર તો થાય જ ક્યાંથી ? જે સીડી છે, તેનો જ તમે અનાદર કરો છો, અને અગાશીમાં ચઢવાની સીધી જ કોશિશ કરો છો, એટલે જ એ કોશિશ કામિયાબ નથી નીવડતી.

**પ્રશ્ન :** વ્યવહારશુદ્ધિના પ્રયાસની સાથે સાથે બીજું કાંઈ કરી શકાય ખરું ?

**ઉત્તર :** બીજું કેમ ન કરી શકાય ? બીજા સાધનોમાં નિયમિત જપ, ધ્યાન, પ્રાર્થના, કે સત્સંગ છે. એ સાધનોનો આધાર, હૃદયશુદ્ધિની ચીવટ સાથે નિત્યનિરંતર તથા ખંત અને ઉત્સાહપૂર્વક લેવામાં આવે, તો આત્મોન્નતિમાં મદદ મળે છે.

**પ્રશ્ન :** એ સિવાયનું, વ્યવહારમાં રહીને કરવાનું કોઈ બીજું સાધન ?

**ઉત્તર :** સેવાભાવ. જગતના બધા જ જીવોમાં ઈશ્વરની સત્તા રહેલી છે એમ માનીને, પોતાની શક્તિ, રુચિ, કે યોગ્યતાનુસાર, સૌને મદદરૂપ થવા માટે તત્પર રહેવાથી, પવિત્ર પ્રેમ વધે છે, હૃદય વિશાળ બને છે ને છેવટે શાંતિ મળે છે. સેવાભાવથી કરાતાં સહજ કર્મની મદદથી બધા જીવોની સાથે એક પ્રકારની ઊંડી આત્મીયતાનો અનુભવ થાય છે. આત્મદર્શનની ભૂમિકા એથી સહેલી બને છે.

**પ્રશ્ન :** તો પછી કેટલાય લોકોએ વ્યવહારનો ત્યાગ કરીને એકાંતનો આધાર શા માટે લીધો છે ?

**ઉત્તર :** એકાંતની વિશેષ રુચિને લીધે, અથવા તો પોતાના



વિકાસને માટે એમને એકાંતવાસની જરૂર જણાઈ એટલા માટે. પરંતુ એના પરથી કોઈએ એમ નથી સમજવાનું કે વ્યવહારમાં રહીને કશું થઈ જ ન શકે. દુનિયાના મોટા ભાગના લોકો વ્યવહારને છોડી ક્યાંય જઈ શકે તેમજ નથી. વ્યવહારમાં રહીને જ એમણે આત્મોન્નતિનાં માર્ગે આગળ વધવાનું છે. આપણે એમને વિશ્વાસ આપીએ કે એ કામ થઈ શકે છે.

**પ્રશ્ન :** સ્ત્રીઓ જ્યારે માસિક ધર્મમાં હોય છે ત્યારે એમનાથી પાઠપૂજા, જપ, ધ્યાન, પ્રાર્થના અને સ્વાધ્યાય અથવા ધર્મગ્રંથોના વાંચનની સાધના થઈ શકે કે ના થઈ શકે ? કેટલાય લોકો, વિદ્વાનો કે સંતપુરુષો એ બાબતમાં ખૂબ જ કડક હોય ને કહે છે કે એમનાથી કશું જ ના થઈ શકે. એમણે તો કાંઈ પણ કર્યા સિવાય એક ઠેકાણે બેસી જ રહેવું જોઈએ.

**ઉત્તર :** મને પોતાને એમની પેઠે કડક થવાનું ઠીક નથી લાગતું.

**પ્રશ્ન :** તો પછી તમે એ સંબંધમાં શું માનો છો ?

**ઉત્તર :** મારું માનવું છે કે માસિક ધર્મના દિવસોમાં પણ સ્ત્રીઓથી પાઠ, જપ, ધ્યાન, પ્રાર્થના અને સ્વાધ્યાય અથવા ધર્મગ્રંથોનું વાંચનમનન થઈ શકે.

**પ્રશ્ન :** એવું કરવાથી કશું નુકશાન ના થાય ?

**ઉત્તર :** ના એમાં નુકશાન થાય એવું કશું છે જ નહીં એટલે નુકશાન થવાની આ શંકા નકામી છે. એથી નુકશાન થવાને બદલે બધી રીતે લાભ જ થાય છે.

**પ્રશ્ન :** બધી રીતે ?

**ઉત્તર :** હા. બધી જ રીતે. એને લીધે સમયનો સદુપયોગ થાય છે ને સમય સુધરે છે. જીવનની પ્રત્યેક પળ મૂલ્યવાન છે. એનો સદુપયોગ થવો જ જોઈએ. બનતી બધી જ પળો ને ધર્માચરણમાં લગાડી દેવી જોઈએ. જીવન અતિશય ચંચળ છે. તે પાણીના રેલાની પેઠે ઝડપથી વહી રહ્યું છે. તેનો કશો ભરોસો નથી. તે ક્યારે સમાપન થશે કે તેના પર ક્યારે પડદો પડી જશે, તે કોઈ જ નથી કહી શકે તેમ. તેના પર પડદો પડી જાય તે પહેલા જેટલું બને તેટલું સત્કર્મ કરી લેવું જોઈએ.

માસિક ધર્મના દિવસોને પણ વ્યર્થ શા માટે ખોવા ? તે દિવસો દરમિયાન કોઈ જાતના કુકર્મને ના કરવું જોઈએ. એવું કુકર્મ ના થાય તેનું જેટલું બને તેટલું ધ્યાન પણ રાખવું જોઈએ. પરંતુ સત્કર્મ કરવાથી કશો દોષ નથી લાગતો. સત્કર્મનો ત્યાગ તો કદાપિ ના કરવો જોઈએ.

**પ્રશ્ન :** તો પછી માસિક ધર્મના દિવસો દરમ્યાન મંદિરમાં જઈ શકાય કે વિધિપૂર્વક પૂજા કરી શકાય ?

**ઉત્તર :** મંદિરમાં જવાનું અને વિધિપૂર્વક પૂજા કરવાનું કામ એટલા દિવસો પૂરતું પરંપરાને માન આપીને બંધ રાખી શકાય, પરંતુ પ્રાર્થના, જપ, ધ્યાન, પાઠ ને સ્વાધ્યાય વિના સંકોચ કરી શકાય છે ને કરવાનો આગ્રહ રાખવો જોઈએ. માનસિક પૂજા કરવામાં કશી જ હરકત નથી ને ના હોવી જોઈએ. યોગની આસન તથા પ્રાણાયામ જેવી ક્રિયાઓથી વધારે પડતો શારીરિક પરિશ્રમ પડતો હોઈ, અને એ દિવસો વિશેષ કરીને શારીરિક આરામના હોઈને એવી ક્રિયાઓને ના કરવી જોઈએ.

**પ્રશ્ન :** કેટલાક લોકો કહે છે કે એ દિવસોમાં જપ કરવાથી ને



ગીતા કે રામાયણ જેવા ગ્રંથો વાંચવાથી પાપ લાગે છે.

**ઉત્તર :** એમનું કથન બરાબર નથી. એથી પાપ લાગે છે એવું કોઈ પણ વિવેકી પુરુષ નહીં માની શકે. જે વિવેકને ગીરે મૂકીને વિચારે છે કે બોલે છે તેમની વાત જુદી છે. એવા પુરુષોથી ખોટી રીતે પ્રભાવિત થવાનું ઠીક નથી. ગીતા કે રામાયણ જેવાં ધર્મપુસ્તકોને વાંચવા વિચારવાથી પાપમાંથી મન પાછું વળે છે ને પાપ દૂર થાય છે, એવું કોઈ કહેતું હોય તો તે સહેલાઈથી સમજી શકાય તેવું છે. પરંતુ એથી પાપ લાગે છે એવું કથન બરાબર નથી લાગતું. માણસ શુભાશુભ દશામાં આળસુ બનીને બેસી રહે ને ગમે તેવા અમંગલ વિપરીત વિચારો કરે એના કરતાં તો ઈશ્વરસ્મરણ કરે ને ઉત્તમ પ્રકારનાં પુસ્તકો વાંચે તે વધારે સારું, આવકારદાયક અને લાભકારક છે. એને માટે તો એને બનતી બધી રીતે પ્રોત્સાહન આપવું જોઈએ.

**પ્રશ્ન :** તો પછી સમાજમાં આવા ઊલટા કે ભળતા વિચારો કે ખ્યાલો શા માટે પ્રચલિત છે ?

**ઉત્તર :** એનું એક કારણ સમાજમાં ચાલતી આવતી રૂઢી છે. બધા તે પ્રમાણે ચાલે છે ને ચાલવાનો આગ્રહ રાખે છે. બીજું કારણ સ્વતંત્ર કે તટસ્થ વિચારસરણીનો અભાવ છે. ત્રીજું કારણ સાચું સમજવા છતાં એનો અમલ કરવાની નૈતિક હિંમત નથી હોતી તે છે. પરંતુ જેમ જેમ વિવેકશક્તિ વધતી જશે અને નૈતિક હિંમત પણ વધશે તેમ તેમ સાચું હશે તે સમજાતું અને અમલમાં મૂકાતું જશે.

# સ્વર્ગારોહણના આંગણે સેવાયજ્ઞ સહારે, દૃષ્ટિ ક્ષતિ નિવારણ નેત્રયજ્ઞ

**સંકલન : સ્વર્ગારોહણ સેવક વૃન્દ**

પ.પૂ.શ્રી યોગેશ્વરજીના કૃપા અનુગ્રહ અને પ.પૂ.શ્રી મા સર્વેશ્વરીના આર્શીવાદ અને પ્રેરણાથી તેમના માર્ગદર્શન સાથે સ્વર્ગારોહણ છ વર્ષ બાદ સજ્જ થયું, એક વિનામૂલ્ય નેત્રયજ્ઞના આયોજન માટે. અંબાજી સ્થાનિક તેમજ ગ્રામ્ય વિસ્તારોની જનતા આતુરતાપૂર્વક પ્રતિક્ષા કરી રહી હતી સ્વર્ગારોહણ આયોજિત નેત્રયજ્ઞની ! પૂ.શ્રી માની અનુમતિ મળતાં જ રોટરી આઈ ઈન્સ્ટીટ્યુટ-નવસારી સંચાલિત શ્રીમતી લીલાવતીબેન શાહ આંખની હોસ્પીટલના સંચાલક શ્રી યોગેશભાઈ નાયકનો સંપર્ક કરાયો અને નેત્રયજ્ઞનું આયોજન વાસ્તવિકતામાં પલટાઈ ગયું.

અંબાજી આસપાસના ફરતા લગભગ ૪૫ કી.મી.ના વિસ્તારમાં આવેલા ગ્રામજનોના લાભાર્થે આંખોના નિદાનની વ્યવસ્થા તેમની આસપાસના ચાર કેન્દ્રોમાં ગોઠવાઈ. તા.૨૫ ડીસેમ્બરે હડાદ/દાંતા વિભાગના બે કેન્દ્રો ગામ બેડા અને ગામ દંત્રાલમાં દર્દીઓની આંખોની ચકાસણી થઈ તો તા.૨૬ ડીસેમ્બરે ગબ્બર પાછળના ગામો માટે ગામ-પાડલીયા અને ગામ કાનપુરામાં નિદાન આયોજન થયું બે દિવસમાં ૯૭૦ જેટલા દર્દીઓની આંખો તપાસાઈ જેમાંથી ૧૪૦ જેટલા મોતીયાના દર્દીઓને ઓપરેશન માટે પસંદ કરાયા. બાકીના દર્દીઓને



આંખોના નજીકના નંબરના ચશ્મા અને જરૂરી દવાનું વિતરણ સ્વર્ગારોહણના પ્રસાદ સાથે થયું.

તા.૨૭ ડીસેમ્બરે અંબાજીના સ્થાનિક દર્દીઓ માટે સ્વર્ગારોહણના નવા નિર્માણ થતા વિભાગ 'શાંતિકુલમ'ની ભૂમિ ઉપર પ્રથમ સત્કર્મ પ્રારંભ પામ્યું, જેમાં લગભગ ૯૩૦ દર્દીઓની આંખોનું નિદાન થયું. મોતીયાના ઓપરેશન યોગ્ય ૧૨૬ દર્દીઓ સિવાયના બાકીના સૌને દવા અને ચશ્મા વિનામૂલ્યે અપાયા.

તા.૨૫/૨૬ ડીસેમ્બરે નિદાન કરાયેલા મોતીયાના ઓપરેશન યોગ્ય ૧૪૦ દર્દીઓમાંથી ૧૧૧ ભાઈ/બહેનોના ઓપરેશન થયા. તેવી જ રીતે તા.૭ થી ૯ જાન્યુઆરી-૨૦૧૮ દરમ્યાન આયોજિત બીજા નેત્રયજ્ઞમાં ઓપરેશન યોગ્ય ૧૨૬ દર્દીઓમાંથી ૧૦૮ દર્દીઓના ઓપરેશન થઈ શકયા. આ બીજા નેત્રયજ્ઞના ઓપરેશન દરમ્યાન પણ લગભગ ૩૦૦ ભાઈ/ બહેનોની આંખોની ચકાસણી થઈ જે પૈકી ખાસ જરૂરી હોય તેવા દર્દીઓને તા.૮/૯ જાન્યુઆરીના થયેલ ઓપરેશનમાં સમાવી લેવાયા. કુલ બે નેત્રયજ્ઞમાં મળી ૨૨૦૦ જેટલા જરૂરીયાતમંદ ભાઈ/બ્હેનોની આંખો તપાસાઈ જેમાંથી કુલ ૨૧૯ મોતીયાના ઓપરેશન થઈ શક્યા.

અંબાજી આરાસુરી ટ્રસ્ટ સંચાલીત કોટેજ હોસ્પીટલ દ્વારા દર્દીઓને રાખવા માટેની પૂર્ણ વ્યવસ્થા મળી જેથી હોસ્પીટલના જ ઓપરેશન થીયેટરમાં ઓપરેશન કરી દર્દીઓને બે દિવસ ત્યાં રાખી જરૂરી સારવાર આપી શકાઈ. આ માટે હોસ્પીટલના સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી ડૉ.મનસુખભાઈ પટેલનો અનન્ય સહયોગ

મળી રહ્યો તો હોસ્પીટલના ગણેશભાઈ સાથેના અન્ય સ્ટાફ મિત્રો એ પૂર્ણ નિષ્ઠા સાથે આ બંને નેત્રયજ્ઞોને સફળ બનાવવા સહયોગ આપ્યો. આ નેત્રયજ્ઞના પ્રથમ ચરણનું આયોજન પૂજ્ય મુરબ્બી શ્રી શારદાબેન, રમેશચંદ્ર ભક્ત (કર્પૂરવન) જે પૂ.શ્રી **મા**ના સાંસારિક સંબંધે મોટાબેન થાય તેમની ઉપસ્થિતિમાં તેમના પરિવાર જનોના સંપૂર્ણ આર્થિક સહયોગથી થયું જેથી તેમના દ્વારા વિનામૂલ્યે થયેલા ૧૧૧ ભાઈ બ્હેનોના ઓપરેશનનો તમામ ખર્ચ, દવાઓ, ચશ્મા તેમજ દર્દીઓને તેના એક પરીવારજન સાથે બે દિવસ રહેવા/જમવાની સુવિધા, તેમના આર્થિક સહયોગથી આપી શકાઈ. પૂ.શ્રીમાના આયોજનમાં ઓપરેશન તો વિનામૂલ્યે હોય જ પરંતુ દર્દીઓને તેમના ઓપરેશન પહેલાં જ પૂ.મુ.શ્રી શારદામાસી દ્વારા-ગરમ ધાબળા, શરીર લુછવાનો ટુવાલ અને ચાદર પ્રસાદમાં અપાઈ. તો આવવા જવાના ખર્ચે માટે રૂા.૧૦૦-લક્ષ્મીપ્રસાદ અપાયો.

ઓપરેશન પછી વિદાયની વેળાએ પણ સ્વર્ગારોહણની પ્રણાલીકા પ્રમાણે સૌ દર્દીઓને શ્રીમતી શાંતિબેન અને ઠાકોરભાઈ તરફથી સ્ટીલની કથરોટ, વાટકો-તપેલી તેમજ શ્રી વિમળાબેન શાહ/મયુરીબેન ટેલર/હીરેન દવે/દિપકભાઈ મહેતા, રંજનબેન લાડ ગીતાબેન ઠાકર/શારદાબેન ભક્ત (ઓરણા) નિમિષાબેન વગેરે તરફથી પણ પ્રસાદ પ્રાપ્ત થયો.

પૂ.શ્રી માની આજ્ઞા મળતાં જ દરેક દર્દીઓને સ્વર્ગારોહણના ભક્તો દ્વારા એક એક નવા સ્વેટર અપાયા. સાથે આવેલા તેમના સ્વજનોને પણ પ્રસાદમાં ચીકી/બુંદી/ચવાણુ મળ્યું સાથે સૌ ભક્તોએ પોતાનું અંગત વપરાશનું એક એક સ્વેટર પણ આપ્યું.



વિનામૂલ્યે આયોજિત નેત્રયજ્ઞોના પ્રથમ ચરણનો આર્થિક સહયોગ શારદામાસી (કર્પૂરવન) તરફથી મળ્યો. પરંતુ નેત્રયજ્ઞના બીજા ચરણમાં તા.૭ થી ૯ જાન્યુઆરી ૨૦૧૮ના નિદાન અને ઓપરેશન માટેના ખર્ચ માટે પૂજ્ય શ્રી **મા**એ એક નવી જ પ્રણાલીનો પ્રારંભ કર્યો.

સ્વર્ગારોહણના એક ભક્ત એક દર્દીના ઓપરેશન નિદાનના થતા રૂા. ૭૦૦૦ જેટલા ખર્ચની જવાબદારી ઉપાડે તેવું સૂચન થતાં જ ૧૮૦ જેટલા ભાઈ બ્હેનોએ પોતાનો ફાળો નોંધાવ્યો. ઓપરેશન તો ૧૧૧ જ કરવાના હતા જેથી પૂ.શ્રી માએ જણાવ્યું કે બાકીની રકમ આદીવાસી વિસ્તારોની શાકભાજી ઉગાડતી બહેનોને બીયારણ/ખાતર માટેના સેવાયજ્ઞમાં વાપરશું, જેનું આયોજન પૂ.શ્રીના 'દિવ્ય સ્વરૂપ પ્રાગટ્યદિન' ૧૮ માર્ચના કાર્યક્રમ દરમ્યાન કરીશું.

બીજા ચરણના ૧૦૮ દર્દીઓને ધાબળા, ટુવાલ, ચાદરનો પ્રસાદ આર્થિક સહયોગ ધરનાર સેવામાં ઉપસ્થિત સ્વર્ગારોહણના સૌ ભક્તોએ આપ્યો. તો અગાઉની પરંપરા પ્રમાણે ડો.હરેન્દ્રભાઈ સુરતીયા, જીતુભાઈ પંચોલી, પૂર્ણિમાબેન તરફથી મોટો વાટકો, લોટા, ફ્રૂટ, વગેરેનો પ્રસાદ અપાયો. તે રીતે દીપકભાઈ શાહને ત્યાં લગ્ન પ્રસંગ સંપન્ન થતાં તેમજ શ્રીમતી શાંતાબેન રમેશભાઈનો તા.૧૦ જાન્યુ જન્મદિન હોવાથી સૌ દર્દીઓને કથરોટ, તપેલી, વાટકો, ડીશ, ગ્લાસ બીસ્કીટ અને રૂા. ૫૦નો પ્રસાદ તેમના તરફથી મળ્યા.

સ્વર્ગારોહણના આર્થિક સહયોગ ધરનાર સૌ ભક્તોએ રૂા. ૧૦૦ ખર્ચ પેટે લક્ષ્મી પ્રસાદ, એક એક નવા ગરમ સ્વેટરો સૌ

દર્દીઓને પ્રસાદમાં આપ્યા. આ બંને નેત્રયજ્ઞો માટે દર્દીઓના પેથોલોજીકલ નિદાન માટેની સેવા પૂ.શ્રીના મોરબીના અનન્ય ભક્ત શ્રી મોહનભાઈ ચૌહાણના પૌત્ર ડો.મિહિરભાઈ ચૌહાણે આપી. ખાસ આ નેત્રયજ્ઞો માટે જામનગર સ્થિત પોતાની લેબોરેટરીના સ્ટાફ અને સાધનો સાથે બંન્ને નેત્રયજ્ઞોમાં તેમણે સ્વયં ઉપસ્થિત રહી નિદાન કાર્યને સરળ બનાવી આપ્યું.

હોસ્પીટલના ઓપરેશન થીયેટરની અને દર્દીઓને રાખવાની વ્યવસ્થાની સફાઈ જેમના પ્રત્યક્ષ માર્ગદર્શન નીચે થઈ તેવા યુવા ભક્ત શ્રી હેમલભાઈ મહેતાએ લગભગ ૨૦ દિવસ આ કાર્ય માટે પૂર્ણ પણે સમર્પિત કર્યા. તેના સહયોગી તરીકે ઓપરેશન થીયેટરના કલ્ચર રીપોર્ટ/ઓપરેશન માટે જિલ્લા અધિકારીઓની પરમીશન વગેરેની જવાબદારી ડૉ.દેવર્ષિ ત્રિવેદીએ સફળતાપૂર્વક નિભાવી. ડો.હરેન્દ્ર સુરતીયા ડો. ગાર્ગી ત્રિવેદી ડો. રૂચા ત્રિવેદી, મયુરીબેન, ગાયત્રીબેન વગેરે રાત દિવસ મહેનત કરતા રહ્યા.

આ નેત્રયજ્ઞના પ્રચાર/પ્રસાર/દર્દીઓની સંભાળ રાખવાની અને નિદાન કાર્ય દરમ્યાનની વ્યવસ્થા શ્રી સ્નેહલભાઈ પુરોહિતે સફળતાપૂર્વક પૂર્ણ કરી.

સ્વર્ગારોહણના યુવા ભક્તો સતત દોડતા રહ્યા. ઓપરેશનના દિવસો દરમ્યાન પૂ.શ્રી માની વસંતવાટીકાના યુવા ભાઈ/બહેનો, સ્વર્ગારોહણના સૌ ભક્ત સ્વજનો મોટી ઉંમરના બહેનો વગેરે સૌ એ રાત્રી કે દિવસના વિધવિધ સેવા કાર્યોમાં જોડાઈને પોતાનું પ્રેમપૂર્વકનું યોગદાન ધર્યું જાણે પૂ.શ્રી ગુરુભગવંતના હજાર હાથ બની સૌ સેવાનો આ ભાર વહેંચી લેતા તેથી જ સ્વયં સંચાલિત રીતે જ ૧૫ દિવસના સમય



ગાળામાં આયોજીત બે નેત્રયજ્ઞોમાં ૨૧૯ જેટલા મોતીયાના ઓપરેશન કાર્યને સફળ બનાવી શક્યા. પૂ.શ્રી હરિના આર્શીવાદ અને પૂ.શ્રી માનું રક્ષા કવચ સતત સૌની સાથે રહ્યા તે બદલ તેમના દિવ્ય શ્રી ચરણોમાં વંદન. દર્દીઓને બંન્ને નેત્રયજ્ઞોમાં નિયમિત ચા/ભોજનની વ્યવસ્થાનો દોર શ્રી ભરતભાઈ આચાર્ય અને શ્રી લાલાભાઈ અમીને સરસ રીતે સંભાળ્યો તો સ્વર્ગારોહણના મહારાજ અને શ્રી નાથાભાઈની મૂક સેવા પણ સતત મળતી રહી. સૌએ સાથે મળીને શ્રી હરિના આ સેવાયજ્ઞના આયોજનને સફળ બનાવ્યું, ને સ્વર્ગારોહણ તીર્થની ધરતીને એક અનેરૂ ગૌરવ ધર્યું....પ. પૂ. શ્રી માના શ્રી ચરણોમાં પ્રણામ પ્રણામ પ્રણામ.

> જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે; અન્યથા નહીં.
>
> –શ્રીમદ્ રાજચંદ્ર

**વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩**

**હાશ®**

**મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી**

**★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★**

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, **રાજકોટ–૩૬૦૦૦૨**

## હિમાલયના પત્રો

# મહાપુરુષોની સત્યનિષ્ઠા

દેવપ્રયાગ
તા. ૬ નવે. ૧૯૪૬

પ્રિય નારાયણ,

તારો પત્ર વાંચીને આનંદ થયો.

ભાઈ, આ જગતમાં વિવેકાનંદ જેવા મહાપુરુષની નિંદા કરનાર પણ થઈ ગયા છે ! સર્વધર્મ પરિષદમાં જ્યારે તેમને પ્રતિષ્ઠા પ્રાપ્ત થતી હતી, ત્યારે તેમની સામે આ જ દેશના લોકોએ ધૂળ ફેંકવાનો પ્રયાસ કર્યો હતો સુકરાત ને ઈશુની દશા અંત સમયે કેવી થઈ ! પરંતુ મહાપુરુષમાં ને પ્રાકૃત માણસમાં અહીં જ ફેર પડે છે. એક વાર જે સત્ય જણાયું, જેનો હૃદયથી સ્વીકાર કર્યો, મહાપુરુષો તેને દૃઢ મનથી છેવટ સુધી વળગી રહે છે. એટલું જ નહિ, તેને માટે ગમે તેવો ભોગ પણ આપવો પડે તો હસતે મુખે આપી રહે છે. ગમે તેવો વિરોધ તેમને પોતાની સત્ય નિષ્ઠાથી ડગાવી શકતો નથી. જે વિરોધથી ડરે છે ને સત્યને છોડી દે છે તે કાયર છે. દુનિયામાં તે કંઈ જ કરવા સમર્થ નથી. જેનામાં સત્ય છે, આત્મવિશ્વાસ છે, ને નિઃસ્વાર્થતા તેમ જ પવિત્રતા છે, દુનિયાની એવી કોઈ તાકાત નથી જે તેની સામે ઝુકી ના પડે.

ભાઈ, તારો પ્રેમ જોઈ ખૂબ ખૂબ આનંદ થાય છે. ધન્ય હો તારા જેવા મહાન આત્માને ! આ જગતમાં યથાર્થ રીતે તે જ મહાન છે, પ્રેમના આસન પર પ્રતિષ્ઠિત થઈને જે પ્રાણીમાત્રને



પ્રેમમય જોઈ શકે છે. જેના અંતરમાં સર્વ પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે, જે સત્યને સમજે છે, અપનાવે છે, ને જીવનમાં ઉતારે છે. તારું હૃદય ઘણું મહાન છે, તેમ જ તારું શરીર પણ મહાન કાર્યમાં સહભાગી થવા સર્જાયેલું છે એ મને હંમેશાં લાગે છે. તું એક નિત્યમુક્ત વર્ગનો આત્મા છે. આજે તું સંસારમાં ભલે રહેતો હોય, ને સંસારમાં રહેવું કાંઈ ખરાબ નથી....સંસાર તને કંઈ જ કરી શકશે નહીં. ભગવાનની કૃપાથી સરસ્વતી જેવી દેવી તને સહયોગિની મળી છે. તારી આંખ જોઈને મને ૧૬-૧૭ વર્ષની ઉંમરથી કોઈ વીતરાગ યોગીની યાદ આવતી જે મેં વારંવાર કહ્યું પણ હશે; ને આજે પણ મારી આગળ તે જ ભાવના રમી રહી છે. તારા જેવા આત્મા આ સંસારમાં બહુ જ વિરલ કાળે આવે છે, ને જ્યારે આવે છે ત્યારે કોઈ વિશેષ હેતુની પરિપૂર્તિ માટે જ આવે છે. તેમને કાંઈ સાધનાની લાંબી કસરત કરવાની હોતી નથી. દૈવી સંપત્તિને લઈને જ આવે છે. અતૂટ વિશ્વાસ, તીવ્ર ને લોખંડી શ્રદ્ધા, સરલ હૃદય, ઊંડો ભાવ ને એક મહાન ભક્તમાં દેખાતી સમર્પણની ભાવના, આ બધું તેમનામાં એવું નિરાળું હોય છે કે આખરી પૂર્ણાવસ્થાના અનુભવ માટે તેમને એક મિનિટની જ વાર લાગે છે. આ માટીમાંથી તું બનેલો છે. મને લાગે છે કે જે મહાન આત્માઓ મારા કાર્યમાં યોગ દેવાના છે તેમાં સૌથી પ્રથમ ને મહત્ત્વનો એક તું છે, ને જ્યારે જોઉં છું ત્યારે તારામાં જે છે તે ક્યાંય જણાતું નથી. બીજામાં છે, પણ તારામાં જે છે તે જુદું જ છે, તદ્દન ભિન્ન છે, ને મને તે વધારે પ્રશંસનીય ને સુંદર લાગે છે. આટલા માટે જ તારો પરિચય જીવનમાં આટલો વહેલો થયો હતો.

શ્રી અરવિંદ વિશે જાણ્યું. ખરેખર હજી તે એક રહસ્ય જ છે. મારી સમજ પ્રમાણે તેમના વિચારમાં તદ્દન મૌલિકતાપૂર્ણ નવીનતા નથી. કેવળ શિક્ષાની અસર હોવાથી તેમની ભાષા ભભકભરી છે. અત્યાર સુધીના યોગીઓમાંના ઘણાએ મન કે પ્રાણ પર જય કરી વિશેષ સિદ્ધિ મેળવી હતી. એ ખરું છે. પરંતુ શરીર તેમ જ મન કે પ્રાણને પૂર્ણરૂપે પલટાવવાની જે વાત અરવિંદ કરે છે તે નવી નથી. તેમના 'સુપરમાઈન્ડ' ના સિદ્ધાંત વિશે પણ તેવું જ છે. નાથસંપ્રદાય તેમ જ હઠયોગમાં યોગી શરીર, મન ને પ્રાણનો જય કરી તેને આમૂલ પલટાવી દે છે એટલે કે ચિન્મય બનાવે છે. હઠયોગની વિશેષતા જ આ છે. તને કદાચ ખબર નહિ હોય કે શ્રી રામકૃષ્ણદેવને કાલિ દર્શન થયું પછી તેમનું શરીર પલટાઈ ગયું હતું, ખૂબ જ પ્રકાશમય બની ગયું હતું. જ્યારે તેમણે 'મા'ને તે પ્રકાશ લઈ લેવા પ્રાર્થના કરી ત્યારે અંતે શરીર પૂર્વવત થઈ રહ્યું. ચૈતન્ય મહાપ્રભુ, સિદ્ધ યોગી સુંદરનાથજી વગેરે આવા જ સિદ્ધ યોગી હતા. હું તો માનું છું કે કેવળ ઈશ્વરદર્શનથી જ બધું રૂપાંતર થઈ શકે છે. પરંતુ ઈશ્વરનો સાક્ષાત્કાર પ્રત્યેકને ભિન્નભિન્ન રૂપે થાય છે. કેટલાકને સ્પષ્ટ નથી પણ થતો, તેવાને માટે સાધના કરવી શેષ રહે છે. નહિ તો ઈશ્વર મળ્યા પછી કઈ વસ્તુ શેષ રહે ? નરસિંહ ભગત, તુકારામ ને એકનાથને શી કમી હતી ? ચૈતન્ય મહાપ્રભુ કે મીરાંને કઈ બીજી સાધના કરવી પડી ? અલબત્ત, પ્રત્યેકના આદર્શ ભિન્ન હોઈ શકે છે, ને અરવિંદ મૂળ યોગી છે, તેથી તેમની ભાષામાં તારા કહ્યા પ્રમાણે સુવિકસિત માનસ જરૂર દેખાય છે.



# ઈશ્વરની શાંતિને હણી લો

**–શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી**

બાળક રડવા લાગે છે એટલે મા તેને ચોકલેટ આપીને જતી રહે છે કે તેનું બાળક ચોકલેટથી શાંત થઈ જાય પણ બાળકે ચોકલેટ ફેંકી દીધી અને રડવાનું ચાલુ જ રાખ્યું. એટલે મા પાછી આવીને તેની પાસે બે-ચાર રમકડાં મૂકી જાય છે, પણ બાળક રમકડાં સામે જોતું ય નથી અને તે રડ્યા જ કરે છે એટલે પછી મા બધાં કામ છોડીને એને તેડી લે છે અને ગોદમાં લઈને પ્રેમથી થપથપાવીને બાળકને શાંત કરી દે છે. માએ બાળકને ગોદમાં લેવું જ પડ્યું, કેમ કે એણે રડીને માને બેચેન કરી મૂકી હતી, માની શાંતિ હણી લીધી હતી. માએ થાકી, કંટાળીને પણ, એને ચૂપ કરવા માટે તેને ગોદમાં લેવું પડ્યું. બસ, ભગવાન પાસે પણ આ જ રીત અજમાવવાનું શ્રીરામકૃષ્ણદેવના અંતરંગ શિષ્ય સ્વામી તુરીયાનંદજી કહે છે, 'ઈશ્વરની પ્રાર્થના કર્યા કરવી એ પણ મહત્ત્વનું કાર્ય છે. તમારે ખરા અંતઃકરણથી તેમ કરવું જોઈએ. તમારી સતત પ્રાર્થનાથી જાણે કે તમે ઈશ્વરને અસ્થિર કરી મૂકો' એટલે કે જ્યારે વિપરીત સંજોગો આવે, માણસનું મન અશાંત અને વ્યગ્ર બની જાય ત્યારે ભાંગી પડવાના બદલે નિરાશ થઈ જવાના બદલે મનુષ્યએ ભગવાનને અશાંત અને વ્યગ્ર કરી મૂકવા જોઈએ. ભગવાનને તીવ્રતમ પ્રાર્થના દ્વારા સતત નિવેદન કર્યા જ કરવું જોઈએ કે પછી ભગવાન પણ માતાની જેમ રડતા બાળકને ચૂપ કરવા-છાનું રાખવા માટે પણ ગોદમાં ઉઠાવી લે છે.

મહાભારતની કથામાં દ્રૌપદીના જીવનમાં જે કટોકટી આવી તે તો કટોકટીની પરાકાષ્ઠા કહેવાય. રાજ્યની ભરી સભામાં વડીલોની હાજરીમાં રાજકુળવધૂનાં ચીર ખેંચાય એના જેવી નારી-જીવનની દુર્દશા બીજી કોઈ હોઈ શકે જ નહીં. તે સમયે તેણે સહાય માટે સર્વ વડીલોને વિનંતી કરી, પણ કોઈએ સહાય ન કરી. આખરે આર્તભાવે તેણે શ્રીકૃષ્ણને પોકાર્યા. એ પોકાર એવો તીવ્રતમ હતો કે શ્રીકૃષ્ણ ભગવાને એને તત્કાળ સહાય કરી.

જેમણે જેમણે આતુર ભાવે ભગવાનને પોકારીને ભગવાનને બેચેન બનાવી દીધા છે એમને ભગવાને જરૂર પોતાની ગોદમાં ઊંચકી લીધા છે. મીરાંએ ભગવાનને તીવ્રતમ ઉત્કટતાથી પોકાર્યા તો મીરાં શ્રીકૃષ્ણને પામ્યાં. એવું પણ કહેવાય છે કે દ્વારકાધીશે મીરાંને સદેહે પોતાની અંદર સમાવી લીધાં. એવું જ ચૈતન્ય મહાપ્રભુનું પણ થયું હતું. કૃષ્ણના વિરહમાં તેઓ પાગલ બની ગયા હતા. એમની આંખોનાં આંસુ સુકાતાં ન હતાં. ભગવાન જગન્નાથ મંદિરના ગરુડ સ્તંભ ઉપર કલાકો સુધી ઊભા રહીને તેઓ અનિમેષ જગન્નાથની મૂર્તિને જોયા કરતા. જે સ્તંભને પકડીને તેઓ ઊભા રહેતા એ સ્તંભ અને પથ્થર ઉપર એમના હાથની છાપો-ઊઠી ગઈ હતી એવું કહેવાય છે. કૃષ્ણ કૃષ્ણ કરતાં એમનું સમગ્ર જીવન કૃષ્ણમય બની ગયું હતું. આવો ઉત્કટભાવ હોય તો પછી ભગવાન આવે જ ને ! એમના માટે પણ એવું કહેવાય છે કે ભગવાન જગન્નાથે એમને સદેહે સમાવી લીધા.

'મા, મા આજનો દિવસ પણ નકામો ગયો. તે આજે પણ દર્શન ન દીધાં. આ ક્ષણભંગુર જીવન તો ચાલ્યું જાય છે, તું શું ક્યારેય દર્શન નહીં દે ? શું તું આ દીન બાળક ઉપર ક્યારેય



કૃપા નહીં વરસાવે ?' આમ કહીને દક્ષિણેશ્વરના કાલીમંદિરના નાના પૂજારી ધૂળમાં આળોટવા લાગતા. અને માનાં દર્શન ન થવાથી તીવ્રપણે આક્રંદ કરતા. તેમના મુખ ઉપર ઉઝરડા પડી જતા. પણ તેમને કંઈ ભાન જ ન રહેતું. આથી લોકો તેમને પાગલ બ્રાહ્મણ કહેતા હતા, 'હે મા, તું સાચી છો કે પછી પથ્થરની મૂર્તિ છો ? તું મૃણ્મયી છો કે ચિન્મયી છો, તું ખરેખર છો કે પછી કલ્પના જ છો ? જો હોય તો મને દર્શન કેમ નથી આપતી ? તારા વગર મારા પ્રાણ વ્યાકુળ બની ગયા છે.' આમ, રોજેરોજ પ્રાર્થના કરવા છતાં માનાં દર્શન થતાં ન હતાં, એટલે એક દિવસ આ પાગલ પૂજારીએ માના મંદિરમાં રહેલ ખડગ હાથમાં લઈને 'મા, તારાં દર્શન વગર જીવવું નકામું', 'એમ કહીને પોતાની ડોક ઉપર ઉગામ્યું, ત્યાં તો એ માટીની મૂર્તિમાંથી ઝળહળ થતું જ્યોતિર્મય પ્રગટ્યું.' તેમના હાથમાંથી ખડગ પડી ગયું. તેઓ પોતે પણ નીચે પડી ગયા. એ પછી શું બન્યું એની વાત એમણે આ રીતે કરી છે,...'અને હું બેભાન થઈને પછી જમીન ઉપર ઢળી પડ્યો. એ પછી એ દિવસ અને બીજો દિવસ શી રીતે પસાર થયો તેની મને ખબર નથી, પરંતુ મારું અંતર એક અપૂર્વ અને વિશુદ્ધ આનંદના પ્રવાહમાં નાહી રહ્યું હતું. જગદંબાની હાજરીનો મને અનુભવ થઈ રહ્યો હતો.' જગદંબાનો સાક્ષાત્કાર કરનાર આ પાગલ પૂજારી હતા શ્રીરામકૃષ્ણ. આમ, તીવ્રભાવે પોકારી-પોકારીને જેમણે ઈશ્વરની શાંતિને હણી લીધી છે એમને ઈશ્વર અચૂક મળ્યા છે.

આ તો ઈશ્વરને મેળવવાની ઉત્કટ ઝંખનાવાળા અસામાન્ય મનુષ્યની વાત થઈ, પણ સામાન્ય મનુષ્ય પણ પોતાના દૈનિક

જીવનમાં ઈશ્વરની જો નિત્ય પ્રાર્થના કરે તો તેમનાં મન શાંત અને સ્થિર બને છે, પછી ગમે તેવા વિકટ સંજોગોમાં પણ તેઓ સ્વસ્થ રહી શકે છે. ભૂજમાં ધરતીકંપ થયો હતો ત્યારે, એક સદ્‌ગૃહસ્થનો દરરોજ સવારે ભગવાનની આરાધના-પ્રાર્થના કરવાનો નિયમ હતો. તે પ્રમાણે પ્રાર્થનામાં બેઠા હતા. ધરતીકંપ આવ્યો. પત્નીએ તેમને કહ્યું, 'ચાલો, ચાલો, જલદી બહાર નીકળી જઈએ' ત્યારે તેઓ પત્નીની વાત સ્વસ્થતાથી સાંભળીને 'આમ રઘવાયા થવાથી કંઈ નહીં વળે', એમ કહીને પત્નીનો હાથ પકડીને ચૂપચાપ બહાર નીકળી ગયા અને જેઓ વ્યગ્ર થઈને ઘરમાં રહેલ માલ-મિલકત લેવા રોકાયા તેઓ થોડી જ ક્ષણોમાં મકાન પડતાં અંદર જ દટાઈ ગયા !

પ્રાર્થનાએ એમને સ્વસ્થ રહેવાની શક્તિ અને અનાસક્તિ આપી હતી. મુશ્કેલ પરિસ્થિતિમાં પ્રાર્થના અને નામ-સ્મરણ ટકી રહેવાનું બળ આપે છે. ગાંધીધામમાં ભૂકંપ વખતે એક બહેન અને તેમની પુત્રી કાટમાળમાં દટાઈ ગયાં. બાર વર્ષના દીકરા ઉપર મોટો પથ્થર આવી રહ્યો હતો એ જોતાં દટાયેલી સ્થિતિમાં પણ પોતાના બે હાથથી જોરથી ધક્કો મારીને એને હડસેલી દીધો, પછી માતા-પુત્રી એ સ્થિતિમાં ભગવાનનું સતત સ્મરણ કરતાં રહ્યાં. કેટલીય વાર બચાવો-બચાવોની બૂમો પાડી પણ કોઈએ સાંભળી નહીં. અવાજ બેસી ગયો પછી ભગવાનની જેવી મરજી કહી ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યાં અને મદદ આવી પહોંચી, નવ કલાકે કાટમાળમાંથી માતા અને પુત્રી સલામત બહાર નીકળ્યાં ! આ છે પ્રાર્થનાની શક્તિ. પ્રાર્થનાની માણસનો ભગવાન સાથેનો એક સેતુ રચાઈ જાય છે. ભગવાન આગળ



સાચા ભાવે નિવેદન કર્યા પછી ભગવાન એવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે કે માણસ મુશ્કેલીઓને જલદીથી પાર કરી શકે છે. પ્રાર્થનાથી માણસની આંતરિક શક્તિ વધે છે તેનામાં આત્મવિશ્વાસ જાગે છે કે 'ભગવાન હવે મારી સ્થિતિ જાણે છે,' બસ, આટલી બાબત જ વ્યક્તિને કટોકટી પાર કરવા પૂરતી થઈ પડે છે.

રવીન્દ્રનાથ ટાગોરની પ્રાર્થના છે : 'હે પ્રભુ ! સંકટના સમયે તમે મારું રક્ષણ કરો એ મારી પ્રાર્થના નથી, પણ સંકટ જોઈને હું ડરું નહીં એટલું જ હું ઈચ્છું છું.'

દુઃખ અને ભયથી મારું મન વ્યગ્ર બને તો તમે મને સાંત્વના આપજો એવી મારી માગણી નથી, પણ એ દુઃખ ઉપર વિજય મેળવી શકું એવી શક્તિ મને મળે એ હું માગું છું આવી પ્રાર્થના કરવાથી ભલે દુઃખ દૂર ન થયું હોય તો પણ એ દુઃખ સહન કરવાની શક્તિમાં અવશ્ય વધારો થાય છે. આવી શક્તિ મળતાં પછી એ દુઃખનું જોર ઓછું થઈ જાય છે.

પ્રાર્થના એ તો ભગવાન સાથેનો સીધો વાર્તાલાપ છે. વિશ્વનું સંચાલન કરનારી એ મહાન અદૃશ્ય શક્તિ સાથેનો સંવાદ છે. આ સંવાદ કોઈ પણ સમયે અને કોઈ પણ સ્થિતિમાં થઈ શકે છે. ખ્રિસ્તી ધર્મના મહાન સંત બ્રધર લોરેન્સના જીવનની વાત છે. તેઓ લશ્કરમાં હતા. લશ્કરમાં એમનો એક પગ કપાઈ ગયો, પછી તો ઈસુના સંઘમાં જોડાયા. સંઘમાં ૨૬ વર્ષ સુધી તેમણે માત્ર રસોડામાં જ કામ કર્યું. તેમને જીવનમાં કંઈ પણ મુશ્કેલી આવે, કંઈ ન સમજાય તો તેઓ ભગવાન સાથે વાતો કરતા. 'હે ભગવાન, તમારા સિવાય આ દુનિયામાં મારું કોઈ નથી. મને

કંઈ ખબર પડતી નથી. તમે મને સમજાવો. તમે શિખવાડો. તમે રસ્તો બતાવો.' આમ, આ ખરા હૃદયથી ભગવાનને તેઓ જે કંઈ કહેતા, તે જાણે ભગવાન સાંભળતા હતા, તેવું તેમને પછી જણાવા લાગ્યું. તેમના આશ્ચર્ય વચ્ચે તેમને મુશ્કેલીમાં માર્ગ મળતો રહ્યો, જે કંઈ સમજાતું ન હતું તે પછી અંતરમાં આપોઆપ સમજાવા લાગ્યું. આમ, ભગવાન સાથે વાતો કરતાં કરતાં તેમણે પછી ભગવાન સાથે એકાત્મતા સાધી લીધી અને તેઓ ખ્રિસ્તી ધર્મના મહાન સંત બન્યા. તેમનું પુસ્તક છે- 'પ્રભુમય જીવન' The Practice of the Presence of God-આ પુસ્તક દ્વારા પ્રભુ સાથેની તેમની આત્મીયતાનો ખ્યાલ આવે છે તેમાં તેઓ કહે છે, 'શરૂઆતમાં જ્યારે સંઘમાં જોડાયો ત્યારે ભગવાનનું સ્મરણ મારા માટે જેટલું મુશ્કેલ હતું તેટલું જ મુશ્કેલ હવે મારા માટે ઈશ્વરનું વિસ્મરણ બની ગયું છે.'

એક રશિયન યાત્રિકના અનુભવો 'એકલપંથી' નામના ગુજરાતી પુસ્તકમાં પ્રકાશિત થયા છે. મૂળ રશિયન ભાષામાં લખાયેલા આ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ 'ધ વે ઓફ એ પિલગ્રિમ' છે. ૧૯મી સદીનો એક ગરીબ રશિયન જેને ઘરબાર નથી, મિલકત નથી, અપંગ હોવાથી કંઈ કામધંધો કરી શકે તેમ નથી, તે ખભે એક નાનકડી બેગ લઈને ભગવાનની શોધમાં નીકળી પડે છે. બાઈબલમાં લખ્યું હતું તે વાક્ય 'અવિરત પ્રાર્થના કરતા રહેજો,' તેના મનમાં દૃઢ થઈ ગયું પણ આ વાક્ય તેને સમજાતું ન હતું. કેટલાય પાદરીઓને પૂછ્યું, પરંતુ તેને ક્યાંયથી સંતોષકારક જવાબ મળ્યો નહીં. અંતે એક વૃદ્ધ પાદરીએ તેને પ્રાર્થના શીખવાડી. 'પ્રભુ ઈસુ મારા ઉપર કૃપા



કરો.' આ પ્રાર્થના સતત કેવી રીતે કરવી તેની વિધિ પણ બતાવી. શરૂઆતમાં આ રીતે પ્રાર્થના કરવાનું મુશ્કેલ લાગ્યું, પણ પછી તો બધો જ વખત મનમાં આ પ્રાર્થનાનું રટણ ચાલવા લાગ્યું પછી તેણે એ વૃદ્ધ પાદરીને કહ્યું : 'હવે મને બાઈબલનું એ વાક્ય બરાબર સમજાઈ ગયું છે કે કોઈ પણ કામ કરતાં કરતાં પ્રાર્થના અટકવી ન જોઈએ.' આ અવિરત પ્રાર્થનાથી તેના ઉપર જિસસની એવી કૃપા થઈ કે તે પ્રભુને પ્રાપ્ત કરી શક્યો.

ગાંધીજી પ્રાર્થનાને મનનો ખોરાક કહે છે. પણ કેટલા લોકો મનને આ ખોરાક આપે છે ? મન બિચારું આ ખોરાકના અભાવે દુર્બળ અને માંદલું બની જાય છે. પ્રાર્થના, ધ્યાન, ભક્તિ, સત્સંગ, નામ-સ્મરણ, સ્વાધ્યાય-આ બધા મનને પુષ્ટ કરનારા આહાર છે. પણ મનને મોટા ભાગે આવા આહારથી વંચિત રાખવામાં આવે છે. તેથી તે દુર્બળ અને રોગિષ્ટ બની જાય છે. પછી તેની સ્થિતિ એવી બની જાય છે કે જરા સરખી વિટંબણા આવે તો પણ તે ભાંગી જાય છે. નિરાશ-હતાશ થઈ જાય છે અને આત્મહત્યાના માર્ગે દોરી જાય છે અને બધું જ ખતમ કરી નાંખે છે. આવી સ્થિતિ સર્જાય તે પહેલાં મનને પ્રાર્થના દ્વારા પોષણ આપવાનું શરૂ કરી દેવું જોઈએ. બહુ મોડું થઈ જાય એ પહેલાં ભગવાન સાથેનો તંતુ પ્રાર્થના દ્વારા જોડી દેવો જોઈએ. જે ક્ષણે અંતરમાં શાંતિ અને સાચું સુખ પામવાની ઝંખના જાગે-એ જ ક્ષણે ભગવાનની પ્રાર્થના આરંભી દેવી જોઈએ.

**'આધુનિક માનવ શાંતિની શોધમાં'માંથી સાભાર**

# મા સર્વેશ્વરીની શૈશવકથા : પોયણું પાંગર્યું

—મા સર્વેશ્વરી

[દક્ષિણ ગુજરાતના સૂરત જિલ્લાના વ્યારા પાસેના એક નાનકડા ગામ કપૂરામાં જન્મેલી એક સામાન્ય બાલિકા 'સરોજ' આજે સ્વર્ગારોહણમાં 'મા' સર્વેશ્વરીરૂપે અધિષ્ઠિત છે. હજારોનાં હૃદયમાં એ 'મા-પ્રભુ' તરીકે વિરાજે છે. આ હકીકત ગૂઢ કે રહસ્યમય નથી. આ કોઈ ચમત્કારલીલા પણ નથી. પણ એક મનુષ્યદેહ પોતાનામાં રહેલ આત્મસ્વરૂપને પીછાની શકે અને દીર્ઘ તપશ્ચર્યા અને કઠીન સાધનાબળે શરીર અને મનથી પરે રહેવાની શક્તિ સિદ્ધ કરી શકે તો પોતાનામાં રહેલી દિવ્યતા પ્રગટાવી શકે છે. એ સૃષ્ટિના જડ-ચેતન અંશોમાં રહેલી દિવ્યતા ઢંઢોળી શકે છે; એની જીવંત પ્રતીતિ 'મા' સર્વેશ્વરી એમના સંપર્કમાં આવનારને કરાવી રહ્યાં છે.

પૂ.માએ ગુજરાતના પનોતા સંત, હિમાલયના તપસ્વી શ્રી યોગેશ્વરજીમાં ગુરુભાવ સ્થાપી, સંપૂર્ણ સમર્પણ-સેવાભાવથી એને એવો દૃઢ કર્યો કે એમને માટે એ સદ્‌ગુરુ પ્રભુનો પર્યાય બની ગયા. પોતે આયુષ્યની પલટાતી પ્રત્યેક ક્ષણે એવી વિનમ્રતા ધારતાં ગયાં કે સ્વયં પ્રભુ જ એમના પ્રત્યેક કાર્યના, પ્રત્યેક શ્વાસોશ્વાસના ધબકાર બની ગયા !

આવાં પરમ પવિત્ર સંતની સળંગ જીવનકથા જો મળે તો એ પ્રભુપ્રીત્યર્થે જીવવા મથતા પ્રત્યેક જિજ્ઞાસુ માટે પરમ પ્રેરક અને માર્ગદર્શક બની રહે. પણ 'મા' કહે છે તેમ, ''ધીરજ રાખો, હરિ ઈચ્છશે ત્યારે લખાવશે.'' પણ આપણા સદભાગ્યે પૂ.માએ



એમના વિદેશ વસવાટ દરમ્યાન એમના શૈશવની કથા આલેખી છે. પૂ.માનું આ શિશુસ્વરૂપ દરેક જિજ્ઞાસુ માટે આનંદદાયી તેમજ ઉદ્‌બોધક નીવડશે અને શ્રદ્ધા છે કે 'મા' સર્વેશ્વરીની આ શૈશવકથા અધ્યાત્મમાર્ગે પા પા પગલી કરતા સર્વ જિજ્ઞાસુઓ માટે 'ઉત્તમ પાથેય' બની જશે.]

—તંત્રી

ભારતમાં સ્વરાજની ચળવળ ગાંધીજી ને સરદારની દોરવણી હેઠળ ચાલતી હતી તે ૧૯૪૩નું વરસ હતું. ઈ.સ.૧૯૪૩, નવેમ્બર માસ ૧૩મી તારીખ, સંવત ૨૦૦૦ કારતક વદ બીજ ને શનિવારે શ્રી કાલીદાસભાઈના ઘરમાં શ્રી ભીખીબાના અંકમાં દીકરીએ આંખ ઉઘાડી ત્યારે રાતે નવ વાગ્યા હતા. શ્રી વામનભાઈએ પોતાના જ અક્ષરોમાં મજૂરોના હાજરીપત્રકના પાછલા જાડા પાને એ સમય, તારીખ, વાર નોંધી લીધાં.

બાપુજીએ સરોજ નામ આપ્યું. બાળકોના નામ બાપુજી જ આપતા. 'સ' ઉપરથી જ નામ ખૂબ ગમતાં હશે માટે બહેનોના નામ શારદાબહેન, સુશીલાબહેન, સાવિત્રીબહેન ને આ સરોજ. આ નામ પણ પ્રેરક જ છે. અનેક શક્યતાઓનો સંદેશ 'સરોજ' નામમાં છે. એ નામ ભક્તસમાજના પ્રચલિત નામ કરતાં જૂદું છે. આગવું છે. કપૂરામાં એ નામ પહેલી વાર સૌએ સાંભળ્યું. સાચું જ હતું ને ! જે કળી કાદવથી અળગી રહીને ખીલવા જ આવી છે તેનું નામ એ જ હોય ને ? એ જ નામ શોભે ને ?

જન્મના તેરમા દિવસે ડબલ ન્યુમોનિયાના ભયંકર તાવે સરોજને ઘેરી લીધી. શરીર ખેંચાઈ ગયું ને કાળું પડી ગયું. સૌ ગભરાઈ ગયાં. આંખ મીંચાઈ ગઈ, અંતિમ શ્વાસ લેવાઈ ગયા.

બા રડે છે. આસપાસ જે હતા તેમાં દાદીમા, જમુનામા પણ હતાં. તેઓ તરત જ ડાંગર ને જુવારની ટોપલી લાવે છે. બાળકને બન્ને હાથે તેમાં ઊંચકીને પધરાવે છે. લે, આ તારી વાટખર્ચી. મૃત્યુની તારી મંગલ વાટે આ દાન. ને મોઢા પર કટકો પણ નંખાઈ ગયો. દીકરી વિદાય થઈ. સૌ શોકમગ્ન થયાં. બાજુવાળા દૂધીમા બાને આશ્વાસન આપે કે દીકરી ગઈ તો શું રડવાનું? ભલે ગઈ. એકાદ કલાક પછી પીપલવાડાથી બાપુજી આવે છે. સમાચાર જાણે છે. તરત જ તેઓ ઘોડા ઉપર વ્યારા જાય છે. ડૉ. ગમનલાલ શાહને લઈ આવે છે.

ડૉક્ટર આવે છે. કપડું હટાવે છે. સારવાર અપાય છે ને સૌના આશ્ચર્ય વચ્ચે બાળકી આંખ ખોલે છે. પુનઃજીવન પ્રાપ્ત કરીને સૌના શોકને પલટાવી દે છે. જેમ સૌએ મરણ સ્વીકારી લીધું તેમ હવે સૌએ આ નવા જીવનનો પ્રસાદ પણ વધાવી લીધો.

શું એ સરોજનું ફક્ત ૧૩ જ દિવસનું આયુષ્ય હશે? માનવજીવન ફક્ત ૧૩ દિવસ માટે જ મળ્યું હશે? કોણ મરણના મુખમાંથી પાછી લાવ્યું? કોણે જગાડી? શા માટે જગાડી? કોની એ પ્રાર્થનાનો પ્રત્યુત્તર હશે? માતાની કૂખે જન્મેલી એ બાળકીના એ પાર્થિવ શરીરમાં કઈ પરમશક્તિએ પ્રવેશ કરીને પોતાનું સામ્રાજ્ય પ્રસ્થાપિત કર્યું? આવા અનેક પ્રશ્નો આ પ્રસંગે ઉદ્‌ભવે, પરંતુ પ્રત્યુત્તર કોની પાસે છે? શું એ નવા જીવનમાં અનેક શુભ સંકલ્પોને સાકાર કરવાની ભૂમિકા હશે? કે પછી કોઈક સમર્થ સદ્‌ગુરુ એને પરમશક્તિની ક્રીડાસ્થલી બનાવવા ઈચ્છતા હશે?



સાચો પ્રત્યુત્તર પરમાત્મા પાસે છે. એ આવાં અનેક જીવન શાંત કરી શકે ને અનેક જીવન જાગ્રત પણ કરી શકે. એ પરમાત્માનો પરમ ઉપકાર કે નવા જીવનનો પુણ્યપ્રદાયક પાવન પ્રસાદ પ્રાપ્ત થયો. પૃથ્વી પર પ્રવેશતાં જ પરમકૃપાનું જાણે રક્ષાકવચ પ્રાપ્ત થયું. શ્રી હરિએ જન્મથી જ જાણે સતત કહેવાનું શરૂ કર્યું. 'હે જીવ, હું તારી સાથે જ છું.' એ જીવને પ્રગટ કરનાર માતા-પિતા તેમજ કપૂરાના એ કુળને જાણે શ્રી હરિનું એક અલૌકિક છત્ર પ્રાપ્ત થયું. પરિવારના નાનકડા સંતાન તરીકે અદકું વહાલ પામવાનો અધિકાર પ્રાપ્ત થયો. સૌને માટે એ આશ્ચર્યનું કેન્દ્ર બની ગયું. મૃત્યુના મંગલ મંદિરનો જાણે એ પ્રસાદ બની ગયું.

શ્રી હરિ ક્યારે, કોને, કેવું સદ્‌ભાગ્ય ધરે છે તે તો ક્યાં કોઈ જાણી શક્યું છે? એ પ્રસાદીસ્વરૂપ જીવન ૧૩ દિવસ, ૧૩ મહિના, ૧૩ વરસ પણ ટકાવી ગયું. આજે તો ૫૮ વર્ષ પૂરા કરવાની તૈયારીમાં છે. ૫૮ વરસ ક્યાં વીત્યા? કેવા વીત્યા તેની વીતકકથા આ પૃષ્ઠો પર અંકિત કરવા જ એ જીવન ધબકતું રહ્યું છે.

એ ધબકારામાં શ્રી હરિની કૃપા ધબકી રહી છે. પ્રાર્થનાની પગદંડી પણ એમાં પ્રગટી છે. એ ધબકતા જીવનનો ધબકાર હવે પછીનાં પૃષ્ઠો ઉપર કાન દઈને સાંભળજો. જે ઘરમાં આંખ ઉઘડવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું તે પવિત્ર ઘરનું સૌથી સર્વોત્તમ સ્મરણીય સ્મરણ તો પ્રાર્થનાનું છે.

નાનકડી સરોજને કોઈક સ્નાન કરાવતું, કોઈક ચોટલા ગૂંથી આપતું ને પછી દરરોજ જ એક સૂચના મળતી, 'જા ગાદીએ

પગે લાગ ને પછી બધાને નમસ્તે કહે.' ને ભારે તોફાની નાનકડી સરોજ એ સૂચનાનો તો તરત જ અમલ કરતી. દેવસ્થાનને પ્રણામ કરી બા, બાપુજી, ભાઈ, ભાભી, બહેનો સૌને નમસ્તે કરીને પછી જ રમવાનો કે દૂધ પીવાનો ક્રમ પ્રારંભ પામતો. એ ઘરમાં બાળકોને કેવી રીતે જગાડાતાં એ પણ મનઅંતરમાં સરસ રીતે જડાઈ ગયું છે. સરોજના પિતાજીને સૌ બાપુજી કહેતાં. બાપુજી અતિનિયમિત, પાંચ વાગ્યે ઊઠી જતા. દેવમંદિરની સામેના ભાગમાં બાપુજી અંધારે જ શ્લોકો બુલંદ સ્વરે લલકારતા.

એ પવિત્ર શ્લોકોનું શ્રવણ કરતાં કરતાં જ જાગવાનું, પણ પલંગમાં સૂતાંસૂતાં જાગ્રત રહીને તે સાંભળવાનું બનતું અને જેવા શ્લોકો પૂરા થાય એટલે સરોજ જાણતી જ હોય કે હવે બાપુજી પલંગ પાસે આવશે. ને બાપુજી સરોજને ઉઠાડીને પોતાની પીઠ પર ઉપાડશે. સરોજ પણ બાપુજીના ગળે બન્ને હાથ વીંટાળીને પડી ના જવાય તેની કાળજી રાખશે અને એ રીતે દરરોજ બાપુજીના વહાલને માણતાં માણતાં પીઠ પર ચઢીને ઘરમાંથી પસાર થઈને વાડામાં પેલો ચૂલો જ્યાં સ્નાન માટે ગરમ પાણી થતું ત્યાં બાપુજી ઉતારે ને જેવા એ ચૂલા સામે બેસી જાય કે તરત જ સરોજ બાપુજીના ખોળામાં બેસી જાય. ને ત્યાં લગભગ અર્ધો કલાક બાપુજી પેલી નાની સરોજને શ્લોકો શીખવાડે.

**શાંતાકારમ્ ભૂજગ શયનમ્ પદ્મનાભમ્ સુરેશમ્**

શુદ્ધ ઉચ્ચાર સાથે બાપુજી આદર્શ શિક્ષક બની ઊઘડતા પ્રભાતે જ આધ્યાત્મિક શિક્ષણનો એકડો ઘૂંટાવતા. દરરોજનો આ નિત્યક્રમ. પછી સ્નાન અને પછી પેલી નમસ્તે કહેવાની



પ્રથા અચૂકપણે પળાવતા. જાણે કોઈ ગૃહસ્થઋષિના સંતાનને સદ્‌ભાગ્ય સાંપડે તેવું અહીં પરમ ભાગ્ય માણવા મળતું. એ જ રીતે દરરોજ સાંજે અતિનિયમિત ઘરમાં સમૂહપ્રાર્થના થતી.

તે દિવસોમાં આખા ગામમાં એક જ રેડિયો. ફક્ત અમારા જ ઘરમાં હતો. ફિલિપ્સની કંપનીનો મોટો રેડિયો. તે રેડિયા ઉપર સવાસાતથી સાડાસાત સુધી પ્રાદેશિક સમાચાર આવતા. બાપુજી નિયમિત સાંભળતા ને પછી ઘરના સૌ સમૂહપ્રાર્થનામાં બેસતા.

ગાદી (દેવસ્થાન) પાસે સૌથી પહેલા બાપુજી બેસતા. બાપુજી માટે કાશ્મીરી ભરતવાળું એક આસન પાથરવામાં આવતું. બાકી સૌ માટે શેતરંજી હતી. બાપુજીની સાથે જ સરોજ ને સાવિત્રીબહેન પછી ભાઈ, પછી બા, પછી ભાભી બેસતાં.

**જેને દિવ્ય સ્તવનો વડે સ્તવી રહ્યા સૂર્યાગ્નિ વા વાદળાં...**

એનાથી શરૂ થતી એ પ્રાર્થનામાં આશ્રમ ભજનાવલીના પ્રારંભના શ્લોકો પછી ભગવદ્ ગીતાનો બીજો અધ્યાય, 'સમાધિમાં સ્થિતપ્રજ્ઞ' પછી બાપુજી એકબે ભજનો ગવડાવે. (નરસિંહ, મીરાં કે સુરદાસના પદો) પછી 'ૐ તત્ સત્' પછી 'જય જગદીશ હરે'-રઘુપતિ રાઘવની ધૂન પછી 'સિયાવર રામચંદ્ર કી જય, પવનસૂત હનુમાન કી જય, બોલો સબ સંતન કી જય' બોલાય એટલે નાનકડાં સૌ ઊભાં થાય. ગાદીએ પ્રણામ કરી બાપુજીને પ્રણામ કરવાના, પછી ભાઈ, બા, ભાભી સૌને પગે લાગી પાછી બાપુજી પાસે સરોજ બેસી જતી. બાપુજીની જમણી બાજુ સાવિત્રીબહેન ને ડાબી બાજુ સરોજ બેસે. બાપુજીની સામે લાકડાના સ્ટેન્ડ જેવી ઘોડી મુકાય ને તેના ઉપર

શ્રી રામચરિતમાનસનો પવિત્ર ગ્રંથ.

અને પછી બાપુજી પેલી નાનકડી સરોજની આંગળી તે ગ્રંથની ચોપાઈના એક એક અક્ષર ઉપર ફેરવાવે. ગાય. સમજાવે. ગવડાવે-ગાતાં શીખવાડે. આ ક્રમ પણ અતિનિયમિત. અને પછી સીધા પથારીમાં ! દિવસે કે રાતે નવરાશની પળોમાં પણ ફળિયામાં કે ઓટલે કોઈને મળવાનું, વાતો કરવાની એવો કોઈ ક્રમ કે રિવાજ એ ઘરમાં ન હતો.

દિવસે સમય મળે તો બાપુજીની વિશાળ લાઈબ્રેરીમાંથી કંઈક ને કંઈક વાંચતા શીખવવામાં આવતું. અરે ! તકલી કે રેંટિયો પણ શીખવવામાં આવતો. ઘરમાં સાંજે પણ સૌ વહેલા પરવારી જતા. મહેમાન હોય તો તે પણ પ્રાર્થનામાં જોડાતા. દર ચોમાસામાં બાપુજી ભાગવત પણ વાંચીને સમજાવતા. પ્રાર્થનાના એ પવિત્ર સંસ્કારો ગળથૂથીમાં જ મળ્યા તો તે સદ્ભાગ્ય નહીં તો બીજું શું ગણાય? બાળપણનો આધ્યાત્મિક ઉઘાડ આવા અધ્યાત્મરંગી પિતાના શ્રી અંકે થઈ રહ્યો હતો. સાત્વિક ને પ્રેરક સાહિત્યથી ઠેઠ બાળપણથી વિભૂષિત કરવાનું યજ્ઞકાર્ય બાપુજી કરતા રહ્યા.

બા, બાપુજી ચારધામ કરીને આવ્યાં તો સરોજ ને સાવિત્રી માટે ભગવાન શ્રી રામ ભાગ-૧, ભાગ-૨ ચિત્રવાર્તા લાવ્યા. વારંવાર તે વાંચવાનું બનતું. એ રીતે ગાંધીમેળામાં દર વરસે બાપુજી લઈ જતા તો ત્યાંથી હનુમાનના પરાક્રમનું એક, બાળકોને ગમે એવું પુસ્તક લઈ આપેલું. તે પણ ખૂબ ગમતું ને વારંવાર વાંચતાં. બાળપણના પ્રેરણાની પરબડી સમા આ સ્મરણને વાગોળવાનો પણ એક સાત્વિક આનંદ આજકાલ આ



પૃષ્ઠો ઉપર પ્રાપ્ત થઈ રહ્યો છે. આ પહેલું પવિત્ર સ્મરણ જ જાણે આધ્યાત્મિક જીવનની પ્રથમ ઈંટ જેવું છે. એ ઈંટ પૂર્વજોના પ્રસાદ સમી છે. એક જ ઈંટથી મંગલ મૂહુર્ત થયું તે ભવ્ય ઈમારતના સર્જન માટેના શ્રીગણેશ હતા.

પ્રાર્થના ને શ્લોકો જીવન પ્રભાત-મધ્યાહ્ન-મહારાત્રિને પણ પ્રકાશિત કરતાં રહેશે. પ્રાર્થનાનો પાલવ પકડી બાળ જગમેળામાં વિચરણ કરશે, જ્યાં ઠરવાનું હશે ત્યાં જ ઠરશે. જ્યાં જવાનું હશે ત્યાં જ જશે. પાલવનો એ પ્રભાવ જન્માંતરોને પણ નિત્ય નવો પ્રકાશ પાથરતો રહેશે.

પાલવ પકડાઈ ગયો કે કોઈક પકડાવી દીધો ! પણ એ પાલવ જ જાણે બાળજીવનની જીવાદોરી છે. એ પાલવમાં પરમપુરુષ પરમાત્માને પણ જીવનઆંગણે ઉતારવાની શક્તિ છે. પ્રાર્થનાનો પાલવ પકડીને પગલાં પાડનાર બાળ પરમ ભાગ્યશાળી છે. પરમાત્માનો એ પસંદગી પામેલો બાળ હશે. પરમશાંતિ ને પરમ આનંદનો એ પ્રતિનિધિ બનીને સૌને પરમ પ્રદેશ પ્રતિ પ્રયાણ કરાવનારો હશે.

બીજું સ્મરણ, બા રેંટિયો કાંતતા તેનું છે. ઘરનાં બે પ્રવેશદ્વાર હતાં. બીજા પ્રવેશદ્વાર પાસે જ રેંટિયો ખોલીને બપોરે બા અચૂક કાંતવા બેસતાં. અમને પણ તકલી ચલાવતા બાળપણથી જ શીખવાડેલું. બાપુજી પણ તકલી ચલાવતા. નાનકડા અમને પણ રૂ પીંજવાનું કે પૂણી બનાવવાનું શીખવાડેલું એટલે સળિયામાં પીંજેલું રૂ વીંટીને પાટલીથી પૂણી બનાવવામાં અમે સહાયક થતાં. બાએ કાંતેલા સૂતરમાંથી બાપુજીના વસ્ત્રો તૈયાર થતાં. વળી બા રેંટિયો પર ના હોય તો અમે પણ ત્યારે

રેંટિયો ચલાવવાનો પ્રયોગ કરી જોતાં. જાડું જાડું કાંતીને ત્રાક પણ તરડી નાંખતા. તો બા પાછા બધું જ સૂતર કાઢીને અમને રેંટિયાને ના અડવાની સૂચના પણ આપતાં.

ત્રીજું સ્મરણ છે ગરબાનું. અમારા ઘરની હરોળમાં જ શ્રી ગોવિંદભાઈનું ઘર હતું. અમે એમને મામા કહેતાં. તે મામાએ એક વાર ગરબાનો કાર્યક્રમ રાખેલો તેમાં આ નાનકડી સરોજને દેવી બનાવેલી (ભારતમાતા). મામાએ જ જાતે નાનકડું ટેબલ ગરબાની વચ્ચે મૂકેલું ને તેના પર પેલી નાનકડી સરોજને વાળ છૂટા રાખીને, હાથ ઊંચો કરીને બેસાડેલી. સૌએ ફરતે ગરબા ગાયેલા. એ સ્મરણ પણ મન અંતરમાં પથરાઈ ગયું છે.

ચોથું સ્મરણ છે એ નાનકડી સરોજ મસ્તીથી પોતાની રીતે જ રમતી. અને નવાઈની વાત તો એ હતી કે તે બાળ સરોજ શિયાળાની ભારે ઠંડીમાં ફક્ત ચડ્ડી ને પેટિકોટ જ પહેરીને ફરતી. અને ઉનાળાના ભયંકર તાપમાં લાલ ને કાળા ઊનથી ગૂંથેલી ગરમ બંડી પહેરતી. બાળપણમાં તે વળી આ કેવી ધૂન ? જાણે દેહથી ઉપર ઊઠવાની રમત હતી કે શું ? સૌ કોઈ સમજાવતું, વઢતું, કાઢાવવા પ્રયત્ન કરતું પણ સરોજ ક્યાં કોઈનું માને ? પોતાની ધૂનમાં જ મગ્ન. જે કંઈ ધાર્યું તેને જ વળગી રહેવાનું.

પાંચમું સ્મરણ પણ અદ્‌ભુત છે. નિર્દોષ તોફાન મસ્તીથી ભરેલા બાળપણનાં એ સ્મરણો આ પૃષ્ઠો ઉપર પ્રભુ જ જાણે પોતાની કલમથી ઉતારી રહ્યા છે. આ સ્મરણો જાણે ચિત્રપટની જેમ જીવંત બનીને તાદશ થઈ રહ્યાં છે.

એ નાનકડી ૬, ૭ વર્ષની સરોજ કોઈ નાની વાત ઉપર



જીદે ચઢે. ને એ જીદ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે ઘરનાં સૌ કંટાળે, થાકે ને સરોજને પ્રસાદી પણ આપે. એટલે મોટેથી રડવાથી એને ટેવ. રડતાં રડતાં પણ જીદ તો ના છૂટે. બહાર ઓટલા પરના બાંકડા પર બેસીને રાગડા તાણીને રડવાનું, છેક રાત સુધી ઘણીવાર તો ચાલે. સૌ વારાફરતી મનાવે 'ઘરમાં આવ, જમવા ચાલ, સૂઈ જા' પણ એ સરોજ માને તો ને ? ના જમવા ઊઠે, ના ઘરમાં જાય.

સૌ કોઈ થાકે. રાત પડે. અંધારું થવા માંડે. દૂર મેળિયાનું નાનકડું ફાનસ ફળિયાના નાકે ટમટમતું હોય પણ તેનો પ્રકાશ કંઈ બાંકડા સુધી ના આવે. એટલે ઓટલા ઉપર અંધારું થતાં જ બીક લાગે ને ધીરે રહીને ઘરમાં જઈને એ સૂઈ જાય. ઘણી વાર જીદે ચઢેલી રડતી રડતી બાંકડે જ ઊંઘી જાય. તો વડીલોમાંનું કોઈ ઊંચકીને અંદર લઈ જતું. ત્યારે જાગી તો જવાતું પણ મૌન રહીને પલંગ પર સૂઈ જવાનું સ્મરણ પાકું છે. એ દિવસો કેવા હતા ? આજે પણ પેલી બાંકડે બેઠી બેઠી રડતી સરોજ જાણે સામે જ દેખાય છે. જીદ અને રુદન બાળમાનસના જાણે સંગાથી હતાં. સંસાર ને સ્વજનોથી રિસાઈને રડવાનો જાણે એ એકમાત્ર ઉપાય હતો. કદાચ સૌથી અળગા રહીને સૌથી મુક્ત બનીને સ્વતંત્ર જીવન જીવવાનો એ અભિનય કે એની જાણે તાલીમ હશે ? બાળપણના એ સ્વભાવ પાછળનાં ગૂઢ રહસ્યો તો શ્રી હરિ વિના કોણ ઉકેલવા સમર્થ છે !

છઠ્ઠું સ્મરણ નામ વિશેનું પણ છે. બાપુજીએ જ નામ આપેલું સરોજ. ઘરમાં અમે સૌથી નાના. માટે ઘરમાં ને ફળિયામાં સૌ 'બચલી' કહેતાં. નાનકડી જાણે બચ્ચી. નામ તો હતું ઘણું

વહાલસોયું, પણ જેમણે નામ આપેલું તે બાપુજી શિષ્ટાચાર અને શુદ્ધ ઉચ્ચારના આગ્રહી. એટલે તેમણે નાનકડી સરોજને શીખવેલું, "તને કોઈ 'બચલી' કહે તો તારે ના બોલવું. જવાબ જ ના આપવો. ને કહી દેવું, 'મારું નામ તો સરોજ છે.' સરોજ નામથી બોલાવે તો જ બોલવું." બાપુજીએ જેવી વાત પાકી કરાવી કે તરત જ તેનો અમલ ! પરિણામે થોડા દિવસોમાં જ સૌને સરોજ નામ મોઢે ચડી ગયેલું. બાપુજીની નામ પ્રત્યે કેવી સન્માનની ભાવના ને જાગૃતિ હતી !

સાતમું સ્મરણ શિક્ષણક્ષેત્રનું છે.

કપૂરામાં ત્રણ ઓરડાની શાળા હતી. દરેક ઓરડા ઉપર લાકડાની જાળી હતી. બહારથી સૌ કોઈ જોઈ શકે તેવા એ ત્રણ ઓરડામાં અમે ગામમાંથી જઈએ. તે પહેલો ઓરડો જે હતો તેમાં ભણવા જતા. એ વખતનાં ગુલાબી ફૂલવાળાં ચણીયાચોળીનું પણ સ્મરણ તાજું છે. વર્ગમાં ફક્ત બે જ બાંકડા જેવી પાટલી હતી. વ્યારાથી એક જ શિક્ષક આવતા. નીચા, અણીદાર નાક, આંખે ચશ્માં, પીળી કફની ને ધોતિયું તેમનો પહેરવેશ. નામ તેમનું નરસિંહભાઈ. ધોરણો ત્રણ, ઓરડા પણ ત્રણ પણ આખી શાળામાં શિક્ષક એક જ !

અગિયારથી બે વાગ્યા સુધી એ આંક બોલાવતા.

એક દૂ દૂય, બે દૂ ચાર

ને બપોર પછી કવિતા ગવડાવતા.

વર્ગમાં અમે ત્રણ બહેનો ને એક કે બે ભાઈઓ હતા, તેવું યાદ છે. શિક્ષક શ્રી નરસિંહભાઈ બહુ કડક હતા. કંઈક વાંકુ પડે તો વિદ્યાર્થીને ટેબલ ઉપર હાથ મુકાવીને આંકડી મારતા. તે



દિવસોથી જ બાપુજીનો એક પ્રભાવ ને એક પ્રકારની આમન્યા ને એક પ્રકારનો ડર પેલા શિક્ષકને પણ હતો. તેથી જ અમને એ આંકડીનો પ્રસાદ કદી મળ્યો નથી. માર ખાવાની તક શાળામાં નથી મળી. ઘરની તોફાની સરોજ ફળિયામાં કે નિશાળમાં શાંત થઈ જતી હશે.

કપૂરાની એ શાળામાં વરસો સુધી બાપુજીનો નિયમ પણ અમને ચોક્કસ સ્મરણમાં છે. દર વરસે નિશાળમાં ૧૫ ઓગસ્ટ ને ૨૬ જાન્યુઆરીએ આખી શાળાને ઘરનું દૂધ બાપુજી તરફથી વહેંચવામાં આવતું. દરેક સીઝનમાં એક દિવસ દરેકને કેરી પણ બાપુજી વહેંચતા ને શેરડીની સીઝનમાં શેરડીનો રસ પણ આખી શાળાને વરસો સુધી વહેંચતા હતા. નાનકડા ઝાંપે પતરાના મોટા કેનમાં દૂધ અને શેરડીની સીઝનમાં શેરડીનો રસ લઈને એ ઊભા રહેતા ને સૌને વહેંચતા. આપણી સંપત્તિને વહેંચવાનો ને ત્યાગીને ભોગવી જાણોનો ઈશાવાસ્યનો ઉપદેશ પણ માતાપિતાએ ગળથૂથીમાં જ ધરી દીધો છે. બાપુજીનો શિક્ષણ જગત સાથેનો એવો અલૌકિક નાતો હતો. એ તાંતણે સૌને મળતા, સૌના સુખદુઃખના સાથી બનતા.

આઠમું સ્મરણ પણ બાળમાનસનું દર્શન કરાવનારું છે. દરરોજ રિસેસમાં ઘરે આવવાનું. નિશાળ તદ્દન પાસે હતી. ઘરે આવીને જમવાનું. જમીને પાછા નિશાળે જતાં બા સૌને કંઈ આપતાં. આ 'કંઈ' એટલે દરેકને ઘરેથી ચણા, ધાણી ને પૌંઆ મળતા તે. અમારા ઘરમાં આ 'કંઈ' વિશેષ રીતે ને વિશેષ રૂપે મળતું. રિસેસમાં ઘરેથી પાછા નિશાળે જઈએ ત્યારે બા લાકડાનો નાનો કબાટ ચાવીથી ઉઘાડીને તેમાંથી કાજુ આલુનો ડબ્બો કાઢતાં

ને પાઈનેપલના તૈયાર ટુકડાનો ડબ્બો કાઢી તેમાંથી ૫, ૭ કાજુ, આલુ ને પાઈનેપલના એકબે ટુકડા અતિનિયમિત રીતે અમને આપતાં. તે દિવસોમાં અમારાં એક ફોઈ જે સ્વર્ગસ્થ થયેલાં તેમના પુત્ર, શ્રી ધીરુભાઈ મુંબઈમાં રહેતા. બા કપૂરાથી ઘી, મગસ મોકલે ને ધીરુભાઈ પાછા મુંબઈથી કાજુ, આલુ ને પાઈનેપલ મોકલે.

તે દિવસોમાં જે કંઈ મોંઘુ મનાતું તેને લાકડાના બંધ કબાટમાં મૂકવામાં આવતું. 'કંઈ'માં આવું કીમતી મોંઘુ લઈ જતાં પણ નાનકડી સરોજ બે જ મિનિટમાં ઝાંપે પહોંચતી. બે મિનિટમાં કેટલું ખાઈ શકાય ? મોટા ભાગનું સાથે ભણતી બહેનો ઝાંપે ઊભી જ હોય તેમને આપી દેવાનું બનતું. 'વહેંચી દો, ભલે આપણા હાથનું બધું જ અપાઈ જતું.' આ હતું બાળપણનું સંસ્કારભાથું. નિર્દોષ, આનંદ ને મસ્તીભર્યા એ તોફાની દિવસોની આ ઝલક.

જન્મથી આઠ વરસ સુધીની ઉંમરનાં આ આઠ સ્મરણોનાં ફૂલડાં શ્રી હરિચરણે ધરીને કલમ હવે જીવનના બીજા વિભાગમાં પ્રવેશ કરશે. (ક્રમશઃ)


**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭




# એટલું આપજે

**—મા સર્વેશ્વરી**

સાધના કરતાં કરતાં પ્રભુદર્શન થાય ત્યારે સાધકના જીવનમાં આનંદનો ઉત્સવ મંડાય.

દર્શન માટે શું શું કર્યું અને અંતે શ્રીહરિએ દર્શન આપ્યાં ત્યારે જીવનમાં કેવો ફેરફાર થયો તેનું વર્ણન અહીં જોવા મળશે.

મંત્રજપ, ઉપવાસો, પ્રભુભજન આદિ સાધનોથી સાધનાક્ષેત્રે મથામણ શરૂ થઈ તો અંતે પ્રભુએ પોકાર સાંભળ્યો અને પોતાનું દિવ્યદર્શન પ્રસાદરૂપે આપ્યું, ત્યારે રહ્યો સહ્યો વિષયોનો રસ પીયૂષમાં પરિણમ્યો. જીવનમાં દેવોના પણ દેવ એવા શ્રીહરિ મળી જાય તો તેથી થતો આનંદ અહીં વ્યક્ત થયો છે.

**—મા સર્વેશ્વરી**

**વ્હાલા આપે તો એટલું આપજે રે,**
**શરણાગત વત્સલ ભગવાન...**
**રાગ દ્વેષ મમતા હૈયે ના વસે રે,**
**પ્રેમે નસનસ નિર્મળ થાય...વ્હાલા...**
**દુનિયાના કામમાં તુજને ભૂલું નહીં રે,**
**નિરંતર નામ જપાવજે, નાથ...વ્હાલા...**
**મનડું મિથ્યાભિમાનમાં ના રમે રે,**
**નમ્રતા આપજે, મારા રાજ...વ્હાલા...**
**નાવિક ભવસાગરનો બની જજે રે,**
**હોડલી હંકારજે પેલે પાર...વ્હાલા...**
**રોમરોમ રંગજે તારા રાગથી રે,**
**કરજે જગમાં જયજયકાર...વ્હાલા...**

### નેત્રયજ્ઞ પૂર્ણાહુતિની પૂર્વસંધ્યાએ

# પૂ.શ્રી માનો સ્વર્ગારોહણ સત્સંગ

સંકલન : શ્રી મયુરીબેન ટેલર

સાંજે સત્સંગ

**શ્રી મા :** આજે નેત્રયજ્ઞમાં કોણે કોણે સેવા આપી ?

(સૌ હાજરી પૂરાવતો હાથ ઊંચો કરે છે)

**શ્રી મા :** ખોટી વાત, પ્રભુએ સેવા આપી.

—સ્વર્ગારોહણ જ ના હોત તો આજનો આ દિવસ ના આવત.

—આટલા બધાં દર્દીની હાશ મળે-એ હાશમાં પણ ભાગાકાર થાય.

—નર્સ, બ્લડ લેનાર, જમાડનાર, સફાઇ કામદાર, હાથ પકડીને સહાયક થનાર. —એટલે ભૂલમાં પણ અહંકાર ના લાવતા કે અમે તો સ્વર્ગારોહણમાં સેવા આપવા ગયેલા, ખૂબ સેવા આપી!

—કીડી જેટલું જ પુણ્ય નોંધાતું હશે.—હે પ્રભુ, ઘસાઈને ઉજળા થવાની તક આપતા રહેજો.

—ધોબી જ ઉજળા કરે તેવું નથી,—આપણે પણ ઘસાઈને ઉજળા થવાનું છે.

—આજે સેવા માટે પરમાત્માએ આપણને આરોગ્યથી સંપન્ન રાખ્યા, નહીં તો તમે જ માંદા પડી જાવ તો ?—એટલે હે પ્રભુ, તારો આભાર.



—આજે નાનકડો અમન (આશરે ૧૨ વર્ષ) તેના મિત્રને સ્વર્ગારોહણ લઈ આવ્યો છે તેનું નામ વંશ છે. **શ્રી મા** પૂછે છે વંશ અને અમને આજે શું કર્યું ?

(મા વંશને બોલવા ઊભો કરે છે) આજે આખો દિવસ કેવો ગયો તેની વંશ વાત કરે છે.

(વંશને સ્વર્ગારોહણમાં આખો દિવસ ખૂબ ગમ્યું)

**શ્રી મા** : જમવાનું ભાવ્યું ? બીજીવાર આવશે કે અહીં જ રહી જશે ?

અમનને પણ બોલવા ઊભો કરે છે. અમન કહે મા God છે.

**શ્રી મા**-ગોળ કે ખાંડ? (એમ કહી મા સૌને હસાવે છે.)

**શ્રી મા** : આ બધા આખા દિવસમાં થાકેલા છે. —જો ના હસાવીએ તો સૌ ઝોકે ચડે એટલે મા હસાવે છે.

—તારા સંગનો રંગ ના લાગે ત્યાં સુધી તું કાચો. (અમનને ઉદ્દેશીને)

—આપણા સંગનો રંગ લાગે તો જ આપણે પાકા ભક્ત.— એક અમને વંશને રંગ લગાડ્યો.—એટલે આટલી નાની ઉંમરે તેણે કેવો સત્સંગ પચાવ્યો છે ! —ખૂબ સરસ.—બધા જ પોતાના મિત્રોને પોતાની બેનપણીને સ્વર્ગારોહણ લાવે તો આ હોલ નાનો પડે.

—અમનના પપ્પા છેક નાના હતા ત્યારે એક પ્રાર્થનાનો અનુભવ થયેલો તે વાત કરે.—આશિષભાઈ જોષી (અમનના

પપ્પા) પ્રાર્થનાની વાત કરે છે.

(ફરી કેમ્પ અંગે વાત કરતાં)

**શ્રી મા :** બીજી પેઢી-સરસ. એક પિતા તરીકે ગૌરવ લેવાય એવી વાત છે.

હવે તમે બધા કેટલું બધું કામ ઉપાડી લો છો ! સૌને વંદન કરવા જેવા છે.—કેમ્પ રાખીએ ને કોઈ જ ના આવે તો દર્દીઓ એકલા શું કરે !—એટલે લગ્ન લેવાય એમાં એકલા વરરાજા શું કરે ? એટલે જાનૈયાની જરૂર પડે.—તમે બધા કેવા દોડતા હાજર થઈ શકો છો ?—પ્રભુની પાકી ઈચ્છા, તો જ તમને ઘર છોડીને દોડી આવવાનું મન થાય.—તમારે બધાને કામ હોય, એસ.ટી.બસ સ્વર્ગારોહણની નથી.—બધાંને ખર્ચ થાય છે. છતાં તમે સૌ કેમ્પ છે એ જાણીને આ અમારું કામ છે, અમારે જવું જ પડે-એવા ભાવ સાથે તમે પ્રેમથી દોડી આવો છો.

—ગુજરાતમાં રણછોડદાસ બાપુ સંત થઈ ગયા.—તેમણે ઘણાં બધા નેત્રયજ્ઞો કર્યાં.—જ્યાં જ્યાં નેત્રયજ્ઞ હોય ત્યાં ત્યાં સેવકો પહોંચી જતા.

—નેત્રયજ્ઞ પછી દર્દીઓ ઘરે જતા તો કોઈ કોઈ સંતાડીને ઓઢવાનું લઈ જતાં.—સેવકોએ એવા દર્દીઓને પકડ્યા કે આ કંબલ લઈ જાય છે !—તો રણછોડદાસ બાપુ કહે એમને બોલાવો.

—બાપુ તેમને પૂછે છે ભાઈ, તારા ઘરમાં કેટલા સભ્ય છે ? તો કહે ચાર. તો બાપુ કહે લો આ ચાર ધાબળા..ને સેવકોને સાચી સમજ આપી.



—ગરીબી ને લાચારીને લીધે જ એવું સંતાડીને લઈ જાય છે.

—જો કે આપણે તો (આ કેમ્પમાં સ્વર્ગારોહણમાં) બધું એને આપી શકીએ છીએ. **પૂ. શ્રી મા** આપણા નેત્રયજ્ઞોમાં આવી ઘટના ન બને તે માટે દર્દીઓને તેમની જરૂરીયાત સમજી ધાબળા, ટુવાલ અને ચાદર વગેરે ઓપરેશન પહેલા જ પ્રસાદમાં અપાવે છે.—એટલે દરેક દર્દી પરમેશ્વર છે એમ માની એની પડખે ઊભા રહેવું. —પ્રેમથી સમજાવવા પ્રેમથી વાળવા.—સ્વર્ગારોહણનો આ મંચ યાદ રહી જાય તેવા પ્રેમાળ બનીને આપણા આ કામચલાવ અતિથિને પ્રેમથી સત્કારવા, વધાવવા ને વિદાય આપવી.

—તો જ આટલી મોટી સંખ્યા દર્દીઓની મળે છે.—સ્વર્ગારોહણની છાપ આવી જ સુગંધીત, સ્પષ્ટ સમજ સાથે રાખવાની જવાબદારી આપણા સૌની છે.

—તમારા સૌના યોગદાનથી કેટલા બધાંને નવી આંખ મળશે !—ખૂબ સરસ, તમે સૌએ સહયોગ આપ્યો છે.

—કાલે કોણ કોણ નથી ?—જવું પડે તો જાવ, જેટલી પણ સેવા મળી તેટલી આનંદથી કરી શક્યા, એવો સંતોષ લઈને જાવ.

આજના સત્સંગની આ બેઠકમાં યુવા ભક્તોને દર્દીનારાયણની સાચી સેવાની સમજ આપવાની પ.પૂ. **શ્રીમા**ની આ આગવી શૈલીને દરેક ભક્તો ભાવથી વંદી રહ્યા છે.

# પ્રાર્થનાના લાભ

—યોગેશ્વરજી

પ્રાર્થના જીવનની સમૂળી ક્રાંતિના કલ્યાણકાર્યમાં, જીવનના પાયાના પરિવર્તનની પવિત્ર પ્રક્રિયામાં, મહત્ત્વની મહામૂલ્યવાન મદદ કરે છે. અથવા ઉપયોગી શકવર્તી ફાળો પ્રદાન કરે છે. એ ભૌતિક અથવા લૌકિક રીતે લાભકારક ઠરે છે અને આધ્યાત્મિક અભ્યુદયની દિશામાં પણ ઉપયોગી ઠરે છે. એનો આધાર લઈને અનેક સાધકોએ આત્મોન્નતિનાં સાધનાત્મક શિખરોને સર કર્યાં છે અને અનેક પ્રકારના અવનવા આધ્યાત્મિક અનુભવોને મેળવ્યા છે. અન્ય સાધકો પણ એવું કરી શકે છે.

સાધકોના એવા કેટલાક સ્વાનુભવોનો ઉલ્લેખ અસ્થાને નહીં ગણાય.

**મંત્રપ્રાપ્તિ**

એક સાધક લખે છે–

'મેં સાંભળેલું કે સદ્‌ગુરુ વિના સિદ્ધિ કે શાંતિ નથી સાંપડતી. આત્માના કલ્યાણના માર્ગમાં સદ્‌ગુરુની સહાયતાની અનિવાર્ય રીતે આવશ્યકતા છે, એવા કથનમાં મારો વિશ્વાસ હતો.'

પરંતુ સદ્‌ગુરુની પ્રાપ્તિ કેવી રીતે કરવી ? એમની પ્રાપ્તિ માટે મેં બનતા બધા જ પ્રયત્નો કરી જોયા પરંતુ એ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. મારા મનમાં એને લીધે એક પ્રકારનો ઊંડો અસંતોષ રહેવા લાગ્યો.

મારી સાધારણ સમજણ પ્રમાણે મેં નામજપની પસંદગી કરેલી. એ નામજપનો આધાર હું રોજ નિયમિત રીતે લેતો. તો પણ મને સંપૂર્ણ શાંતિ નહોતી લાગતી.



વખતના વીતવાની સાથે મારા દિલમાં સદ્‌ગુરુની પ્રાપ્તિની અને એમના દ્વારા મંત્રને મેળવવાની લગની લાગી. એ લગનીથી પ્રેરાઈને મેં દરરોજ નિયમિત રીતે પ્રેમપૂર્વક પ્રાર્થના કરવા માંડી.

એક ટંક જમીને પ્રેમપૂર્વક પ્રાર્થના કરતાં કરતાં ચારેક મહિના વીતી ગયા ત્યારે એક દિવસ અમારા ગામમાં અચાનક એક વિરક્ત સંતપુરુષનું શુભાગમન થયું.

મને મારા મિત્રો દ્વારા એમના શુભાગમનના સમાચાર સાંપડ્યા એટલે હું એમનાં દર્શને ગયો.

દર્શન માત્રથી જ મને સમજાયું અને મારા અંતરાત્માએ કબૂલ કર્યું કે જેમના દર્શનને માટે વરસોથી ઝંખતો હતો તે પરમ પ્રતાપી સાચા સદ્‌ગુરુ આ જ. તેઓ જ મને શાંતિ આપી શકશે અને આત્મકલ્યાણના માર્ગે દોરવણી પણ આપશે. મારા આત્માએ એમને ગુરુ તરીકે સ્વીકારી લીધા.

મેં એમને મને શિષ્ય તરીકે સ્વીકારવા અને મંત્ર પ્રદાન કરવા માટે પ્રાર્થના કરી. એ પ્રાર્થના એમણે સત્વર સ્વીકારી લીધી. મારી પ્રસન્નતાનો પાર ન રહ્યો.

એક ધન્ય દિવસે મને એમણે વિધિપૂર્વક મંત્રદાન કર્યું અને એને જપવાની વિધિ પણ બતાવી.

મને પરમ સંતોષ થયો. મારું જીવન ધન્ય બન્યું.

મંત્રને જેમ જેમ જપતો ગયો તેમ તેમ અવર્ણનીય ઉત્તમ લાભ થવા લાગ્યો. મારું જીવન અનેક પ્રકારના અવનવા અનુભવોથી આનંદી ઊઠ્યું.

પ્રાર્થનાએ એવી રીતે મને મોટી મદદ કરી. એની શક્તિ વિશેનો મારો વિશ્વાસ વધી પડ્યો.

# પ્રેમભક્તિની પગદંડી : ભક્તિ કોને કહેવાય

શ્રી યોગેશ્વરજી

આજે ઘણા માણસો પોતાને ભક્ત કહેવડાવે છે ને ભક્તિમાં મગ્ન તરીકે મનાવે છે, પરંતુ ભક્તિનું સાચું રહસ્ય તેમની જાણમાં ભાગ્યે જ હોય છે. પ્રભુની અંદર ખૂબ જ પ્રેમ થાય, બીજા કોઇ જ સંસારી પદાર્થને માટે નહિ, પણ પરમાત્માને માટે ખૂબ જ પ્રગાઢ ને પરમ અનુરાગનો ઉદય થાય, ત્યારે પ્રેમ કે ભક્તિ થઇ એમ કહેવાય છે. કેવળ પ્રભુનું નામ લેવાથી, ટીલાંટપકાં કરવાથી, ભજન ગાવાથી કે રામાયણ ને ભાગવત જેવા બીજા ધર્મગ્રંથોની કથા કરવાથી જ કોઇ ભક્ત બની શકતું નથી. ભક્તિ એટલી સહેલી વસ્તુ નથી. ભક્તિ તો શિરનો સોદો છે, જીવસટોસટનો વ્યાપાર છે. શેરડીના સાંઠાને પીલીપીલીને તેમાંથી મધુમય રસ કાઢવામાં આવે છે, તેમ ભક્તિના રસને જાગ્રત કરવા કઠિન પરિશ્રમ કરવો પડે છે, અંગેઅંગને ગાળીને તપાવી નાખવું પડે છે, ને વાસના ને વિકાર, અહંતા ને મમતાની આહુતિ આપી દિવ્ય ઈશ્વરી પ્રેમના અગ્નિને પ્રજ્વલિત કરવો પડે છે.

મંત્ર ને જપની ઉપાસના, યજ્ઞયાગ ને બીજા અનુષ્ઠાન એ પણ ભક્તિ નથી. એથી ભક્તિનો ઉદય થઇ શકે છે, ભક્તિ પ્રકટ કરવાનાં એ સાધન છે એ સાચું, પરંતુ ભક્તિના રાજમંદિરનો કળશ એથી અત્યંત દૂર છે. ભક્તિરસની પ્રાપ્તિ માટે એથી આગળ વધીને સાધકે ખૂબ જ લાંબી મજલ કાપવી પડે છે. હિંમત ને ધીરજ તેમજ લગન લઇને ભક્તિના મહામંદિરના છેક જ ગુરુશિખર સુધી ચઢવું કે પહોંચવું પડે છે,



એમાં સંદેહ નથી.

સાચી ભક્તિ કોને કહેવાય? પરમાત્માને માટે પરમ પવિત્ર પ્રેમનો ઉદય થયો એ કેવી રીતે જણાય? જ્યારે પ્રભુના નામનું કીર્તન કરતાં હૃદય ઉલ્લાસથી ભરાઇ જાય, પ્રભુના ગુણગાન ગાતાં હૈયું હાથ ના રહે, મન પ્રેમ ને આનંદથી તરબોળ બની જાય, ને પ્રભુના જ સ્મરણમાં મનનમાં ને ભજનમાં આનંદ લાગે, તે વિના બીજું કાંઇ ના ગમે, ત્યારે સાચા અર્થમાં ભક્તિ જાગી, પ્રભુનો પ્રેમ સાંપડ્યો એમ કહેવાય છે.

સંસારી પદાર્થો માટે માણસને કેટલી પ્રીતિ છે! ધન, ઘર–બહાર ને પોતાના દેહ ને નામ માટે કેટલી મમતા છે! વિષયરસમાં માનવને કેટલી આસક્તિ છે! તે પ્રાપ્ત થતાં તે સુખ માણે છે, ને તેનો વિયોગ થતાં દુઃખનો અનુભવ કરે છે. એટલી જ બલ્કે એથીય વધારે પ્રીતિ ઈશ્વરને માટે થવી જોઇએ. ઈશ્વર વિના બીજૂં કોઇ જ મારું નથી એ મમતાનો ભાવ હૃદયમાં ઠસી જવો જોઇએ. ઈશ્વરના સ્મરણ, મનન ને કીર્તનમાં સ્વર્ગસુખ લાગવું જોઇએ. માછલી જેમ પાણી વિના જીવી શકતી નથી, શરીર તેના પ્રાણ આત્મા વિના ટકતું નથી, તેમ ઈશ્વર વિના જીવી શકાય નહિ, ચેન પડે નહિ, શાંતિ થાય નહિ, તેવી અવસ્થા થઇ જવી જોઇએ. તાપથી તપતા ભયંકર રણપ્રદેશમાં જે પ્રવાસ કરે છે ને ઉનાળાની લૂમાં ધીમે ધીમે ચાલે છે, તેને છાયા ને પાણીની કેટલી તીવ્ર તરસ લાગી હોય છે? તેના શરીર પર ખૂબ જ પરસેવો થાય છે પણ તે કાંઇ તરસ છીપાવવાના કામમાં નથી આવતો. માથા પર કપડાનું આવરણ નાખીને ચાલે છે. પણ તેથી કાંઇ તેના અંતરનો ને રોમરોમનો દાહ નથી શમતો. તે માટે તો છાયા ને પાણી જ જોઇએ. તેવી જ રીતે

સંસારના ઘોર રણનો જે પ્રવાસી છે તેના તાપ વિષયી સુખોની નાશવંત ને મિથ્યા છાયાથી નથી મટતા, તેમજ વિષય રસના સેવનથી તેની તરસ પણ નથી છીપતી. શાંતિ માટેની તેની તરસ તો એક ઈશ્વરને શરણે જવાથી જ શમે છે. ઈશ્વરની પ્રેમૌષધિનું સેવન કરવાથી જ તેનાં દુઃખદર્દ ને પરિતાપ શાંત થાય છે, ને ભય, વિષાદ ને મૃત્યુના બંધનથી મુક્ત થવાની તેની ઝંખના પણ એક ઈશ્વરના દર્શનથી જ તૃપ્ત થાય છે. ઈશ્વરને છોડીને કોઈ માણસ ભય ને મૃત્યુ કે અલ્પતા ને પરિતાપથી મુક્ત થયો હોય એવું સંસારના ઈતિહાસમાં આજ લગી તો બન્યું નથી, ને હવે પછી બનશે તેવો સંભવ પણ નથી. જેમ સૂરજ પૃથ્વીની અંદર ઉગી ના શકે, ધૂળ ને પત્થર ખાઈને માણસ સુદૃઢ ના બને, તેમ ઈશ્વરી પ્રેમના આસ્વાદ વિના કેવલ ધનધાન્ય, સ્ત્રી પુત્ર કે ભૌતિક વસ્તુઓના વિલાસથી માણસને પૂર્ણતા ને શાંતિ ના જ મળી શકે. પૂર્ણતા ને શાંતિની પ્રાપ્તિ માટે તો દિવ્ય ઈશ્વરી પ્રેમના ભિખારી થવું જોઈએ. ઈશ્વરને મેળવવા કે પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તલપાપડ થવું જોઈએ. અધીરા બનવું જોઈએ, રડવું ને કકળવું તેમજ પ્રાર્થવું જોઈએ, ને તનમન અંતરથી એક ઈશ્વરના જ દાસ કે ભક્ત બની રહેવું જોઈએ.

આવો અનુરાગ ના જાગે ત્યાં લગી ભક્તિ થઈ એમ કેમ કહેવાય? આજે તો માણસ ધંધામાં નુકસાન થાય કે કોઈ સ્વજનનું મૃત્યુ થાય તો મન મૂકી રડે છે. રોગમાંથી બચવા માટે અધીરો બની વૈદ કે દાક્તરનું શરણ શોધે છે. સંસારની ચિંતામાં ઊંઘી પણ શકતો નથી. પણ ઈશ્વર ક્યારે ને કેમ કરી મળશે એ ચિંતામાં પથારીમાં રાતભર પાસાં ફેરવવાં પડ્યાં ને ઊંઘ ના આવી એવું એક પણ દિવસ બન્યું? ઈશ્વરને માટે એક આંસુ પણ



પડ્યું કે ઈશ્વરને જોવા માટે તલપાપડ ને વ્યગ્ર બનાયું? હૃદયમાં અહંકાર, કામ, ક્રોધ, વિષયભૂખ ને વાસનાનું જ્યાં લગી સામ્રાજ્ય છે, ત્યાં લગી આ ઈશ્વરી પ્રેમ પ્રગટી શકતો નથી. સૂર્યના તાપમાં તારા દેખાતા નથી, તેમ કપટ ને દંભ ને મલિનતામાં ડૂબેલા માણસના દિલમાં પ્રભુના પ્રેમનો પ્રકાશ થઈ શકતો નથી. એટલે સૌથી પહેલાં તો માણસે હૃદયને શુદ્ધ કરવા પ્રયાસ કરવો જોઈએ ને તે પછી મીરાં, નરસી, તુકારામ કે તુલસી ને સુરદાસની જેમ ઈશ્વરના વિશ્વમનોહર રૂપને જોવા આતુર બનવું જોઈએ. ઈશ્વરના પ્રેમરંગે રંગાઈ જવું જોઈએ ને ઈશ્વર વિના બીજી બધીયે વસ્તુ કે વ્યક્તિના રસને પડતો મૂકી, મમતાની અતૂટ ને મજબૂત ગાંઠે એક ઈશ્વરમાં જ બંધાઈ જવું જોઈએ, ને ઈશ્વરની રૂપ સુધાના પ્યાસી બનવું જોઈએ. ત્યારે જ ભક્તિ પ્રકટી એમ કહેવાય છે.

આ કાંઈ એક દિવસનું કામ નથી. આ તો અનેક જન્મોનું, રાતદિવસની સતત સાધનાનું ફળ છે. મૂંગે મોઢે ને દૃઢ નિરધારથી આ કામ કરવું જોઈએ. માણસમાં સત્યતા, પ્રામાણિકતા ને ઈશ્વરપરાયણતા હોય તો આ કામ સહેલું થઈ જાય છે. ત્યારે જ જીવન સફળ થઈ જાય છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# દક્ષિણેશ્વરનો અદ્‌ભુત અનુભવ

**શ્રી યોગેશ્વરજી**

દક્ષિણેશ્વરની એ મારી પ્રથમ યાત્રા ન હતી. માતાજી સિવાય અને પાછળથી માતાજી સાથે મેં એ દિવ્યસ્થળમાં પ્રવેશ કરેલો તો પણ પ્રત્યેક વખતે એનો આસ્વાદ અવનવો લાગેલો. આ વખતે માતાજીના સ્થૂળ શરીરના પરિત્યાગને લીધે યાત્રામાં એ નહોતાં પરંતુ મા સર્વેશ્વરી તથા રામકૃષ્ણ પરમહંસદેવના કેટલાક ભક્તો અથવા પ્રશંસકો જોડાયેલાં એટલે પરિસ્થિતિ જુદી હતી. તો પણ એ અલૌકિક શાંત સુંદર સ્થળમાં પ્રવેશવાનો, વસવાનો ને વિહરવાનો અભૂતપૂર્વ અવર્ણનીય આનંદ તો હતો જ.

એ સ્થલ પોતાની અસંખ્ય સ્મૃતિઓથી સજીવ લાગ્યું. સમીપવર્તી ગંગાના સુવિશાળ પવિત્ર પ્રવાહને લીધે એની શોભામાં અસાધારણ અભિવૃદ્ધિ થયેલી દેખાઈ. ભગવતી ભાગીરથીના પરમ પવિત્ર પ્રવાહને પેખીને પ્રાણે પ્રસન્નતા અનુભવી. ત્યાંથી આગળ વધીને અમે શારદામાતાનો સ્મૃતિખંડ જોયો. રાણી રાસમણિના સ્મારકને નિહાળી, પ્રખ્યાત પંચવટીનું નિરીક્ષણ કર્યું. એની પાસેના તોતાપૂરીએ જેમાં રામકૃષ્ણદેવને બેસાડીને સમાધિ કરાવેલી તે નાના સરખા શિવાલયને જોયું, માના પવિત્ર મંદિરના દર્શનનો લાભ લીધો અને રામકૃષ્ણદેવના નિવાસખંડમાં પ્રવેશ કર્યો. એમનો એ નાનો સરખો છતાં પણ મહામહિમાવંતો નિવાસખંડ ઉચ્ચતમ આધ્યાત્મિક પરમાણુઓથી પરિપ્લાવિત લાગે છે, એમાં પ્રવેશતાંવેંત અવનવી શાંતિ આપે છે. આત્માને અનુપ્રાણિત અથવા આલોકિત કરે છે. ભક્તો



એમાં બેસીને ઈચ્છાનુસાર ધ્યાન ધરે છે તથા પ્રાર્થનાદિનો આધાર લઈને પોતાના પ્રાણને એ પરમાત્માસદૃશ મહાપુરુષ તરફ પ્રવાહિત કરતાં દેખાય છે. અમારા મનમાં પેલી સ્તુતિના સુમધુર સંવેદનશીલ સ્વરો ગૂંજી રહ્યા :

**અધર્મ જ્યારે પ્રસરે ધરામાં,**
**અંધાર વ્યાપે જડતા હવામાં,**
**ત્યારે તમે જ્યોતિ બની પ્રકાશો,**
**ને ચેતના નિત્ય નવી પ્રસારો,**
**સદ્‌ધર્મને નૂતન પ્રાણ આપો;**
**શ્રીરામકૃષ્ણ પ્રભુ હે! પ્રસન્ન હો.**
**યુગે યુગે ચિન્મય દેહ ધારી,**
**લીલા કરી પ્રેરક દિવ્ય ન્યારી,**
**અનુગ્રહે ભક્ત અસંખ્ય તારી,**
**સંમોહ સંતાપ વિષાદ મારી,**
**પ્રકાશનો પંથ સદા બતાવો;**
**શ્રીરામકૃષ્ણ પ્રભુ હે! પ્રસન્ન હો.**
**મા શારદાના પ્રભુ પ્રાણપ્યારા,**
**ભક્તોતણા પૂરણ મિત્ર ન્યારા,**
**હે પ્રેમના સાગર! હે પવિત્ર!**
**પ્રપન્નના પૂરણ સત્ય મિત્ર!**
**કૃપા કરો તો ભય ના રહે કશો;**
**શ્રીરામકૃષ્ણ પ્રભુ હે! પ્રસન્ન હો.**
**કૃપા કરી દો વરદાન આપો,**
**આસક્તિ ને બંધ મમત્વ કાપો,**
**રક્ષો સદા સર્વસ્થલે અમોને,**

**પ્રશાંતિ પૂર્ણત્વ વિમુક્તિ સ્થાપો;**
**અનાથના નાથ થયા સદા છો;**
**શ્રીરામકૃષ્ણ પ્રભુ હે! પ્રસન્ન હો.**

બધાના અંતર ભાવવિભોર બની ગયાં.

મા સર્વેશ્વરીની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી.

રામકૃષ્ણદેવના એ નિવાસખંડમાં બેઠા પછી દરેક વખતે પ્રાર્થનાના સહજ સુપરિણામે એમની આત્મલીન અવસ્થા હતી.

વખત ક્યાં અને કેટલો વીતે છે તેનો ખ્યાલ રહેતો નહીં.

સિદ્ધસ્થળોનો પ્રભાવ એવો અજબ, અમોઘ, પ્રબળ હોય છે.

એ ક્યારે કોના આત્માને કેવી રીતે ઝંકૃત કરે છે તે નથી કહી શકાતું.

મા સર્વેશ્વરી તો સાક્ષાત જગતજનની જગદંબા હતા. મંદિરમાંથી બહાર નીકળીને એ પોતાના સ્થૂળ, સહેલાઇથી ન ઓળખાય એવા શ્રીવિગ્રહને ધારીને એમના જ ક્ષેત્રમાં વિહરી રહેલાં. સાધકોના શ્રેયને માટે આવશ્યકતાનુસાર સાધક સહજ લોકકલ્યાણની લીલા કરી રહેલાં.

બીજે દિવસે પણ એ નિવાસખંડમાં એમની અવસ્થા એવી જ અદ્ભુત રહી. અન્ય સાધકો પણ પોતપોતાની રીતે ભાવાનુભવ કરવા લાગ્યા.

રામકૃષ્ણદેવના એ અલૌકિક આવાસખંડમાં બીજે દિવસે સવારે અમારે બેસવાનું થયું ત્યારે મને પણ કોઇક અસાધારણ અનુભવની ઇચ્છા થઇ. મારું મન માની પ્રાર્થના અને રામકૃષ્ણદેવની સંસ્મૃતિ કરતાં ભાવવિભોર બની ગયું થોડા વખત સુધી એવી ભાવવિભોર અવસ્થા ચાલુ રહી. એ પછી



જાગૃતિદશામાં જ મને એક અલૌકિક અકલ્પ્ય અનુભવ થયો. મારા શરીરના રોમરોમમાંથી રામકૃષ્ણદેવના સુખાસનાસીન સ્વરૂપો નીકળવા લાગ્યાં. એક પછી એક એમ અનંત સ્વરૂપોનું હું આશ્ચર્યચકિત બનીને મુગ્ધભાવે અવલોકન કરવા માંડ્યો. એ વખતે જગદંબાએ મને જણાવ્યું કે હું આવા હજારો રામકૃષ્ણો સર્જી શકું છું. તે પણ મારું જ રૂપ હતું. હું જ રામકૃષ્ણ થયેલી.

એ અલૌકિક અકલ્પ્ય અનુભવની અસર લાંબા વખત સુધી રહી. મારા લોચન ભાવવિભોર ને ભીનાં થયાં. છેવટે એ અદ્ભુત આનંદદાયક અનુભવ પૂરો થયો. હવે એ ખંડમાંથી ધીમાં પગલે ભાવભરપૂર હૃદયે બહાર નીકળ્યાં.

આજનો દિવસ અનેક રીતે અમર બનવા સર્જાયેલો, ચિરસ્મરણીય ધન્ય દિવસ હતો. તારીખ ૧૯–૧૧–૧૯૮૦, કારતક સુદ બારસ ને બુધવાર.

રામકૃષ્ણદેવના આવાસખંડમાંથી બહાર નીકળીને અમે મંદિરના ચોકમાં આંટા મારવા માંડ્યા. સૌ પ્રેમીજન મા સર્વેશ્વરી સાથે કાલીમાતાના મંદિરે દર્શન માટે ગયાં. એ સૌ પાછાં આવ્યાં એટલે મેં એમને કહ્યું કે દર્શન ના કર્યા હોય તો કરી લો. જે ત્યાં મંદિરમાં છે તે જ અહીં છે. એ બોલતાં નથી, આ બોલે છે. મા સર્વેશ્વરી તરફ અંગૂલિનિર્દેશ કરીને મેં ફરીવાર જણાવ્યું કે દર્શન ના કર્યા હોય તો કરી લો.

મા સર્વેશ્વરી મારે મન જગદંબાનું પ્રત્યક્ષ સ્વરૂપ છે. મા જ એમની રૂપમાં લીલા કરે છે. પરંતુ તે રહસ્યને કોઇક બડભાગી જ સમજશે અને અનુભવશે. જે અનુભવશે તે ધન્ય બનશે.